અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 233, Dt.12-07-2023 (Wednesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

'જો તમારામાં શક્તિનો અભાવ હોય તો વિશ્વાસનો કોઈ ફાયદો નથી. કારણ કે મહાન ધ્યેયો હાંસલ કરવા માટે શક્તિ અને વિશ્વાસ બંને જરૂરી છે.!! '

મેઘતાંડવથી પાકોને નુકસાનઃ

મોંઘવારી વધવાના એંધાણ

પાકને થતા નુકસાનની અસર કઠોળ, ચોખા, ઘઉં જેવા અનાજના ભાવ પર થશે

નવી દિલ્હી,તા. ૧૨

આગામી દિવસોમાં હિમાચલ પ્રદેશ, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદનું જોર ઘણું ઓછું થવાની ધારણા છે. બીજી તરફ, નિષ્ણાતો માને છે કે છેલ્લા કેટલાક દિવસોમાં વરસાદને કારણે દેશના ઉત્તર-પશ્ચિમ રાજ્યોમાં પહેલેથી જ વાવેલા ખરીફ પાકને ઘણું નુકસાન થયું છે. ઇકોનોમિક ટાઇમ્સના અહેવાલમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે મગ, અડદ, મગફળી અને સોયાબીનના પાકને ૧૦-૧૫% સુધી નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં હવે આ ચીજવસ્તુઓના ભાવ વધવાની ચિંતા છે. જો કે, વરસાદથી પંજાબ અને હરિયાણામાં ડાંગરના પાકને મદદ મળી શકે છે.

કોમોડિટી રિસર્ચ ફર્મ iGrain ઈન્ડિયાના રાહુલ ચૌહાણે જણાવ્યું હતું કે, અતિશય વરસાદને કારણે ઉત્તરીય રાજ્યોમાં કપાસ, કઠોળ અને તેલીબિયાં જેવા ખરીફ પાકોને નુકસાન થયું છે. **IMD** અનુસાર, ઉત્તર-પશ્ચિમમાં, રાજસ્થાનમાં ૧૦ જુલાઈ સુધીના લાંબા ગાળાની સરેરાશ કરતાં લગભગ ૬૦% વધુ વરસાદ પડ્યો છે, ગુજરાતમાં ૧૫% વધુ વરસાદ પડ્યો છે. ચક્રવાત બિપરજોયને કારણે જૂનની શરૂઆતમાં ગુજરાત અને રાજસ્થાનમાં વરસાદ થયો હતો, જેના કારણે ખરીફ સીઝનની વહેલી વાવણી થઈ હતી. તાજેતરના ભારે વરસાદને કારણે તાજેતરમાં વાવેલા છોડને નુકસાન થયું હોઈ શકે છે.

જવેલર્સો પર દરોડામાં ૪ કરોડ રોકડા મળ્યા : વિશ્વાસુ કર્મચારીઓ સુધી લંબાતી તપાસ

રાજકોટ-જૂનાગઢમાં સતત બીજા દિવસે ઈન્કમટેકસ દરોડા ચાલુ

રાજકોટ-અમદાવાદ હાઈવેની એક મોટી જમીનમાં જવેલર્સોનું મોટુ રોકાણ હોવાનો નિર્દેશ : બે ડઝનથી વધુ બેંક લોકરો સીઝ : રીયલ એસ્ટેટના જંગી શંકાસ્પદ વ્યવહારો દર્શાવતા થોકબંધ દસ્તાવેજો જપ્ત

રાજકોટ, તા.૧૨ :

રાજકોટ તથા જુનાગઢમાં ટોચના જવેલર્સો અને બિલ્ડર્સ પર ત્રાટકેલા આવકવેરા વિભાગે આજે સતત બીજા દિવસે પણ દરોડા કાર્યવાહી ચાલુ રાખી છે. ચાર કરોડથી વધુની રોકડ તથા થોકબંધ હિસાબી સાહિત્ય કબ્જે લેવામાં આવ્યું છે. એટલું જ નહીં જવેલર્સના અત્યંત નજીકના અને અત્યંત વિશ્વાસુ કર્મચારીઓના નિવાસે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. કરોડો રૂપિયાની કરચોરીનો પર્દાફાશ થવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. રાજકોટમાં શિલ્પા, રાધિકા, જે.પી. અને વી.પી. જેવા ચાર જવેલર્સો તથા જુનાગઢમાં સીવીએમ જવેલર્સ પર ગઇકાલથી ઈન્કમ ટેકસ વિભાગે મોટાપાયે દરોડા કામગીરી હાથ ધરી હતી.

આ સિવાય જવેલર્સોના કનેકશનમાં રાજકોટમાં વર્ધમાન ગ્રુપના મિલન મહેતા, કેતન પટેલ અને વિમલ પાદરીયાને ત્યાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. આવકવેરા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે ૩૦થી વધુ સ્થળોએ હાથ ધરાયેલા આ દરોડા ઓપરેશનમાં આજે સતત બીજા દિવસે પણ તપાસનો દૌર ચાલુ રાખવામાં આવ્યો છે. જુનાગઢના જવેલર્સ પાસેથી દોઢ કરોડની રોકડ હાથ લાગી હતી જે હાલ તુર્ત કબ્જે

લેવામાં આવી છે. આ જ રીતે રાજકોટના જવેલર્સને ત્યાં અંદાજીત અઢી કરોડની રોકડ મળી આવી હતી જે જપ્ત કરવામાં આવી છે.

સુત્રોએ એમ કહ્યું કે જવેલર્સોના અમુક વિશ્વાસુ કર્મચારીઓને ત્યાં પણ તપાસ લંબાવવામાં આવી છે. બિનહિસાબી વ્યવહારોનું સાહિત્ય કર્મચારીઓ પાસે રાખવામાં આવતું હોવાની બાતમીના આધારે તપાસનો દૌર કર્મચારીઓ સુધી લંબાવવામાં આવ્યો હતો. ચાર કરોડથી અધિકની રોકડ જપ્ત કરવા ઉપરાંત બે ડઝનથી વધુ બેંક લોકરો પણ સીલ કરી દેવામાં આવ્યા છે. જે ખોલવામાં આવ્યા બાદ વધુ રોકડ પણ મળી શકે તેવી શકયતા છે. આવકવેરાના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે દરોડામાં નિશાન બનેલા તમામ જવેલર્સ છે અને તેઓના શોરૂમ સહિતના સ્થળોએ સોનાનો મોટો સ્ટોક હોય એ સ્વાભાવિક છે. તંત્ર દ્વારા સ્ટોકના સોનાનું વેલ્યુએશન કરવામાં આવી રહ્યું છે અને તેમાં સારો એવો સમય લાગે તેવી શકયતા છે. આ સિવાય રીયલ એસ્ટેટમાં જંગી વ્યવહારો દર્શાવતા થોકબંધ દસ્તાવેજો મળી આવ્યા છે

જે કબ્જે લેવામાં આવ્યા છે. રાજકોટ-અમદાવાદ હાઇવે પરની એક મોટી જમીનમાં જવેલર્સોનું ઇન્વેસ્ટમેન્ટ હોવાનું માલુમ પડયુ છે. જોકે દસ્તાવેજોની ચકાસણીના આધારે તેમાં કાંઇ ગરબડ કે કરચોરી છે કે કેમ તે સ્પષ્ટ થઇ શકશે. આ સિવાય પણ રીયલ એસ્ટેટના અનેક શંકાસ્પદ વ્યવહારો માલુમ પડયા છે. આ અધિકારીએ એવો સંકેત આપ્યો હતો કે જવેલર્સો પર આ દરોડા કાર્યવાહી હજુ બે દિવસ ચાલુ રહી શકે તેમ છે અને ત્યારબાદ જ શંકાસ્પદ અને રોકડ વ્યવહારોનો આંક તથા કબ્જે લેવાયેલા સાહિત્ય વગેરેનો અંદાજ મળી શકશે. આજે બીજા દિવસે તો મોટા ભાગના સ્થળોએ દરોડા કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.

પત્ની-પતિની સહાયક નથી, તેની પણ અલગ ઓળખ છેઃ હાઈકોર્ટ

એક મહિલાને તેના સપના, આકાંક્ષાઓ અને આર્થિક રીતે સ્વતંત્ર થવાનો હક છેઃ હાઈકોર્ટ

દિલ્હી તા.૧૨

દિલ્હી હાઈકોર્ટે એક મહત્વપુર્ણ ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે પત્ની પોતાના પતિની સહાયક નથી હોતી, તેની ઓળખ પતિની ઓળખ સાથે સમાયેલી નથી, કાયદામાં તે પોતાની અલગ અને વ્યક્તિગત ઓળખ રાખે છે. એક મહિલાને પોતાના સપના, આકાંક્ષાઓ અને આર્થિક રીતે સ્વતંત્ર થવા અને પોતાની જરૂરિયાતને પુરા કરવાનો પુરો અધિકાર છે. તમામ એવી મહિલાઓ હશે જેના જીવનનું લક્ષ્ય કંઈપણ કર્યા વિના પ્રતિષ્ઠા મેળવવી કે કોઈ અમીર માણસની પત્ની તરીકે ઓળખ બનાવવી ન હોય. લગ્ન કરેલી દિકરીઓ પોતાના પેરેન્ટસની કોમર્શિયલ/આવાસીય જગ્યા માટે આશ્રીતોમાં સામેલ છે. ખરેખર તો એક પિતા તેની બે દિકરીઓને કારોબાર શરૂ કરવા માટે પોતાની પ્રોપર્ટી આપી દેવા માંગતા હતા, પરંતુ ભાડુઆત જગ્યા ખાલી કરી દેવા તૈયાર નહોતો. દિલ્હી હાઈકોર્ટે પોતાના ફેસલામાં સ્પષ્ટ કર્યુ હતું કે કાયદો આશ્રિતોની જરૂરિયાત પર ભાડુઆતને હટાવવાની મંજુરી આપે છે.

મકાનોની માંગ વધતા પ્રોપર્ટીની કિંમતોના ભાવ આસમાને

રિયલ એસ્ટેટનું ગાડુ પુરપાટે દોડ્યું...૬ ટકાનો વધારો

નવી દિલ્હી તા. ૧૨ :

કોરોના પીરિયડ પસાર થયા બાદ પ્રોપર્ટીની કિંમતો ઝડપથી વધી રહી છે. આ વર્ષે પણ એપ્રિલથી જૂનના ત્રિમાસિક ગાળા દરમિયાન રિયલ એસ્ટેટના ભાવમાં વધારો થયો છે. જો દેશના કેટલાક અગ્રણી પ્રોપર્ટી માર્કેટમાં જોવામાં આવે તો, આ શહેરોમાં સરેરાશ વાર્ષિક ૬ ટકા વૃધ્ધિ જોવા મળી છે. આ સમયગાળા દરમિયાન ઘરોની કિંમતમાં સૌથી વધુ વધારો ગુડગાંવમાં નોંધવામાં આવ્યો છે. ત્યાં ભાવ ડબલ ડિજિટમાં વધ્યા છે.ડિજિટલ રિયલ એસ્ટેટ બ્રોકરેજ કંપની **PropTiger.com** એ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ કવાર્ટર માટે એક રિપોર્ટ તૈયાર કર્યો છે. 'રિયલ ઇનસાઇટ રેસિડેન્શિયલ - એપ્રિલ-જૂન ૨૦૨૩' નામના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે આ વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન ઘરોની જોરદાર માંગ રહી છે. સ્વાભાવિક છે કે તેની અસર મકાનોની કિંમત પર જોવા મળી હતી. આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ગયા એપ્રિલથી જૂનના સમયગાળા દરમિયાન ભારતના આઠ મોટા શહેરોમાં રહેણાંક મિલકતોની વેઇટેડ એવરેજ કિંમત ૭,૦૦૦-૭,૨૦૦ રૂપિયા પ્રતિ ચોરસ ફૂટ સુધી પહોંચી ગઈ હતી. આ ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૬%ની વૃદ્ધિ દર્શાવે છે.**PropTiger.com**ના આ અહેવાલ અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ મેટ્રોપોલિટન રિજન, દિલ્હી-એનસીઆર અને પૂણેને આવરી લે છે. અમદાવાદમાં આ વર્ષે મકાનોના ભાવમાં સાત ટકાનો વધારો થયો છે. હવે આ શહેરમાં પ્રતિ ચોરસ ફૂટનો

ભાવ રૂ.૩૭૦૦ થી રૂ.૩૯૦૦ સુધી પહોંચી ગયો છે. બેંગ્લોરમાં પ્રતિ ચોરસ ફૂટનો ભાવ રૂ.૬૩૦૦થી ૬૫૦૦ સુધી પહોંચી ગયો છે. આ નવ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન ચેન્નાઈમાં માત્ર ત્રણ ટકાનો વધારો જોવા મળ્યો છે. ત્યાં હવે મકાનોની કિંમત પ્રતિ ચોરસ ફૂટ ૫૮૦૦ થી ૬૦૦૦ રૂપિયા થઈ ગઈ છે. દિલ્હી એનસીઆર પણ ભાવ વધારાની બાબતમાં પાછળ નથી. અહીં મકાનો હવે છ ટકા મોંઘા થઈ ગયા છે.

આ વર્ષના પ્રથમ કવાર્ટર દરમિયાન ગુડગાંવમાં મકાનોની કિંમતમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. ત્યાંના મકાનો ૧૨ ટકા મોંઘા થયા છે. હવે આ શહેરમાં પ્રતિ ચોરસ ફૂટ રિયલ એસ્ટેટની કિંમત ૭૦૦૦ થી ૭૨૦૦ રૂપિયા થઈ ગઈ છે. નોઈડામાં મકાનો પણ આઠ ટકા મોંઘા થયા છે. હૈદરાબાદમાં મકાનો પાંચ ટકા અને કોલકાતામાં છ ટકા મોંઘા થયા છે. મુંબઈમાં ઘરોની કિંમત ત્રણ ટકા વધીને રૂ. ૧૦,૧૦૦ થી ૧૦,૩૦૦ પ્રતિ ચોરસ ફૂટ થઈ છે. પુણેમાં મકાનો પણ ત્રણ ટકા મોંઘા થયા છે.

રેલવે ટ્રેનનાં કોચને હાઈટેક બનાવશે

૨૫૦ કોચનાં ૧૦૦૦ ટોયલેટો બદલાશે

પ્રથમ તબકકામાં ૨૫૦ કોચ હાઈટેક થશે

નવી દિલ્હી તા.૧૨ : દિલ્હીથી દોડતી રાજધાની લખનૌ મેલ, લખનૌ એસી સુપરફાસ્ટ સહીત અનેક ટ્રેનોના ૨૫૦ કોચના ટોયલેટ હવે હાઈટેક થશે રેલવે બોર્ડ તરફથી ટોયલેટ અપગ્રેડ કરવાની મળેલી મંજુરી બાદ ટેન્ડરની પ્રક્રિયા લગભગ પુરી થઈ ગઈ છે. દાવો છે કે આગામી મહિને ૨૫૦ કોચના ૧૦૦૦ ટોયલેટ બદલી જશે. ખરેખર તો ટ્રેનમાં સફર કરનારા યાત્રીઓની હંમેશા ટોયલેટમાં ગંદકીની ફરીયાદ રહેતી હતી. જેને લઈને ઉતર રેલવેએ ટોયલેટને અપગ્રેડ કરવાનો પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલ્યો હતો.બોર્ડે તેને લીલીઝંડી દેખાડી છે.પ્રારંભીક તબકકામાં ૨૫૦ કોચને અપગ્રેડ કરાશે.

દવાની ગુણવત્તા પર સરકારનું કડક વલણ

બનાવટી દવાઓનું ઉત્પાદન કરતી કંપની સામે સરકાર ઝીરો-ટોલરન્સની નીતિ અપનાવશે

કેન્દ્ર સરકારે નિકાસ કરતા પહેલા કફ સિરપની સરકારી લેબમાં ટેસ્ટ કરાવવાનું ફરજિયાત બનાવ્યું

નવી દિલ્હી, તા. ૧૨ :

ભારત ની દવાઓની વૈશ્વિક તપાસના વધારા વચ્ચે, કેન્દ્ર સરકારે મંગળવારે ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક એક્ટ, ૧૯૪૦ ની સૂચિ-**M**, તમામ નાના અને મધ્યમ દવા ઉત્પાદકો માટે તબક્કાવાર રીતે ફરજિયાત બનાવવા નિર્ણય લીધો છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ જણાવ્યું કે માઇક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (MSMEs) દવાઓનું ઉત્પાદન કરતા લોકોને સ્વ-નિયમન દ્વારા ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ (GMP) તરફ આગળ વધવા જણાવ્યું હતું.

''આ ગુણવત્તા ખાતરીમાં મદદ કરશે તેમજ અનુપાલન બોજ ઘટાડવામાં મદદ કરશે, ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ નું શેડ્યૂલ-ખ ભારતના ડ્રગ ઉત્પાદન એકમોની શ્રેષ્ઠ ઉત્પાદન પ્રવૃત્તિ સાથે સંબંધિત છે. ભારતમાં ઉત્પાદિત દવાઓની ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં ખજબળી માટે દવાઓની ગુણવત્તા અંગે જાગૃત હોવું જરૂરી છે. અને સ્વ-નિયમન દ્વારા GMP તરફ ઝડપથી આગળ વધશે. મંગળવારે દિલ્હીમાં આયોજિત ડ્રગ મેન્યુફેક્ચરિંગ MSME કંપનીઓની બેઠકમાં તેમણે કહ્યું કે, ''નકલી દવાઓનું ઉત્પાદન કરતી કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આરોગ્ય મંત્રાલયે કહ્યું કે જે કંપનીઓ ગુણવત્તાના ધોરણોનું પાલન કરતી નથી અને બનાવટી દવાઓનું ઉત્પાદન કરતી કંપની પ્રત્યે સરકાર ઝીરો-ટોલરન્સની નીતિ અપનાવી રહી છે.દવાનું ઉત્પાદન કરતી કંપનીઓની તપાસ માટે સ્પેશિયલ સ્કવોડની રચના કરવામાં આવી છે અને કોઈપણ ગેરરીતિ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

દેશમાં ૧૦,૦૦૦ થી વધુ ફાર્માસ્યુટિકલ એકમો પૈકી, ગુણવત્તાના ધોરણોનું પાલન ન કરતા ફાર્માસ્યુટિકલ એકમો ખૂબ જ ઓછા છે. ભારતનો ડોમેસ્ટિક ફાર્માસ્યુટિકલ બિઝનેસ ૧૮ લાખ કરોડ રૂપિયાનો છે.ભારતથી શ્રીલંકા વગેરે દેશોમાં મોકલવામાં આવતી દવાઓ નબળી ગુણવત્તાની હોવાનું જાણવા મળ્યું હતું, જેના કારણે સરકાર એલર્ટ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે નિકાસ કરતા પહેલા કફ સિરપની સરકારી લેબમાં ટેસ્ટ કરાવવાનું ફરજિયાત બનાવ્યું છે.

૧૭-૧૮મીએ બેંગ્લોરમાં ૨૪ પક્ષોની બેઠકઃ સોનિયા ગાંધી પણ હાજર રહેશે

કેટલાક નવા પક્ષો પણ અભિયાન સાથે જોડાયા : ખડગેએ બધા પક્ષોને પાઠવ્યું આમંત્રણ : પડકારો ઝીલવા એકતાની જરૂર ઉપર મૂક્યો ભાર

બેંગ્લોર.તા.૧૨

૨૦૨૪ની લોકસભા ચૂંટણી પુર્વે વિપક્ષોમાં ભંગાણના ભાજપના ઓપરેશન- 'કમલમ'માં મહારાષ્ટ્રમાં એનસીપીમાં ઉભા ફાડીયા થયા અને હવે બિહારમાં પણ જનતાદળ (યુ) રાજદ વચ્ચે તનાવ વધી રહ્યો છે તે અમો તા.૧૭-૧૮ના રોજ બેંગ્લોરમાં વિપક્ષોની બેઠક મળનાર છે તેમાં વધુ આઠ વિપક્ષો પણ જોડાય તેવી ધારણા છે અને કુલ ૨૪ પક્ષો એક થઈ શકે છે તો કોંગ્રેસ તરફથી હવે પુર્વ અધ્યક્ષ શ્રીમતી સોનિયા ગાંધી આ બેઠકમાં હાજરી આપી યુપીએને પુનઃજીવિત કરવા પ્રયાસ કરી શકે છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે હવે નાના પક્ષોને હવે બેંગ્લોર બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપવા લાગ્યા છે જેમાં ખાસ કરીને દક્ષિણમાં જયાં વિપક્ષો અને નાના પક્ષો મજબૂત છે ત્યાં વધુ જોર કેન્દ્રીત કરી ભાજપને જે બેઠકોની ખાધ ઉતર અને પશ્ચિમમાં પડી શકે છે તે દક્ષિણમાં પુરી ન થઈ શકે તે જોવાનો વ્યુહ છે. જે નાના પક્ષોને આમંત્રણ અપાયા છે તેમાં તામિલનાડુના એનડીએમકે, કેડીએમકે, વીસીકે આ તમામ ડીએમકે કે અન્ના ડીએમકેમાંથી જુદા પડેલા છે અને તેઓ બે-બે લોકસભા બેઠકો પર પણ મહત્વના છે

વિપક્ષોમાં હવે કોંગ્રેસ પક્ષ વિપક્ષી એકતા માટે ગંભીર છે તે સંદેશ ગયો છે. અગાઉ બે વખત યુપીએનું નેતૃત્વ કરી ૧૦ વર્ષ શાસન ચલાવ્યું હતું તો નાના પક્ષોને સાથે લઈને મતોનું વિભાજન અટકાવાનો પણ વ્યુહ છે. શ્રી ખડગે આ બેઠક માટે વ્યુહાત્મક રીતે આગળ વધી રહ્યા છે તથા તેઓ પટણા બેઠકની યાદ અપાવી નિતિશકુમારને પણ મહત્વ આપી રહ્યા છે. શ્રી ખડગેએ જયારે વિપક્ષોએ પત્ર લખ્યો

તો તેમાં તેઓએ ૨૦૨૪ને જ લક્ષ્યમાં રાખવા માટે સૌને યાદ

અપાવ્યું હતું. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસના ચુંટણી ગણીત નિષ્ણાંતોએ એક અભ્યાસ પેપર તૈયાર કરીને તેમાં દક્ષિણ-પશ્ચીમ-ઉતર ભારતમાં કઈ રીતે પરીસ્થિતિ બદલી શકાય છે તેના પર આગળ વધવા માટે સૌને સંમત કરાવાશે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ હવે થોડી બેઠકોનું બલીદાન દેવા તૈયાર છે અને તેની સામે તેના ગઢ જેવા રાજયો વિપક્ષો પાસે વધુ બેઠકો માંગશે અને આ રીતે ભાજપને તેના ૪૦૦+ બેઠકોના લક્ષ્યથી દૂર રાખીને પણ બાદમાં આ વર્ષના અંતે યોજાનારી ધારાસભા ચુંટણીના પરિણામો બાદ વધુ આગળ વધાશે.આપણો દેશ જે પડકારોનો સામનો કરી રહ્યો છે તેનો ઉકેલ શોધવા માટે આપણે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

ખડગે વધુમાં કહ્યું, વધુમાં, હું તમને ૧૭મી જુલાઈના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે બેંગલુરુમાં ડિનર પછીની બેઠકમાં હાજરી આપવા વિનંતી કરું છું. ૧૮ જુલાઈ ૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ફરીથી બેઠક ચાલુ રહેશે. બેંગલુરુમાં તમને મળવા માટે આતુર છીએ. અગાઉ આરજેડી વડા લાલુ પ્રસાદે પણ ગુરૂવારે કહ્યું હતું કે તેઓ વિરોધ પક્ષોની બેઠક માટે બેંગલુરુ જશે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા ૨૩ જૂને પટનામાં વિપક્ષી એકતાની પ્રથમ બેઠક યોજાઈ હતી, જેમાં ૧૫થી વધુ પક્ષોએ ભાગ લીધો હતો.

ફલાઈટ કેન્સલેશનની જાણ કરવાનું એરલાઈન્સ તથા બુકીંગ એજન્ટ માટે ફરજીયાત

ગ્રાહક પંચનો ચુકાદોઃ પ્રવાસીને વળતર ચુકવવા આદેશ

વડોદરા,તા.૧૨

ફલાઈટ કેન્સલ થવાના સંજોગોમાં પ્રવાસીને આગોતરી જાણ કરવાની એર લાઈન્સ તથા બુકીંગ એજન્ટની જવાબદારી બનતી હોવાનો ચુકાદો વડોદરા ગ્રાહક તકરાર નિવારણ પંચે આપીને પ્રવાસીને વળતર ચુકવવાનો હુકમ કર્યો છે.

વડોદરાની શિવાંગી પટેલનાં આ કેસમાં તેઓ ડીસેમ્બર ૨૦૧૮ માં આરએસજીએસ હોલીડેઝ નામના બુકીંગ એજન્ટ મારફત જેટ એરવેઝની ટીકીટ બુક કરાવી હતી. માર્ચ ૨૦૧૯ માં અમેરીકાથી મુંબઈ આવી હતી અને ત્યાંથી વડોદરાની કનેકટીંગ ફલાઈટનું બુકીંગ હતું.

મુંબઈ પહોંચ્યા બાદ વડોદરાની ફલાઈટ કેન્સલ હોવાની જાણ કરવામાં આવી હતી. અગાઉ ફલાઈટ મોડી હોવાનું જણાવાયું હતું. પરંતુ રદ થયાની જાણ છેલ્લી ઘડીએ કરાઈ હતી તેણે ના છૂટકે અન્ય એરલાઈન્સમાં જવુ પડયુ હતું. તેમાં ૧૦૮૯૪ રૂપિયાનો ખર્ચ થયો હતો.બુકીંગ એજન્ટે એવી દલીલ કરી હતી કે પોતે પેટા એજન્ટ છે. મુખ્ય એજન્ટ તરફથી રકમ પરત મળે ત્યારે પ્રવાસીને નાણાં ચુકવી હતી. જેટ એરવેઝે એમ કહ્યું કે બુકીંગ એજન્ટને ફલાઈટ કેન્સેલેશન વિશે છ દિવસ અગાઉ જ જાણ કરી હતી. બુકીંગ એજન્ટે આવી કોઈ જાણ નહીં કરાયાનો દાવો કર્યો હતો.

ગ્રાહક પંચે ચુકાદામા કહ્યુ કે પ્રવાસીને ફલાઈટ કેન્સલેશનની આગોતરી જાણ કરવાની જવાબદારી એરલાઈન્સ અને બુકીંગ એજન્ટ બન્નેની છે. ફરિયાદીને ૯૦૩૪૭ નું વળતર ચુકવવા તથા માનસીક ત્રાસ પેટે રૂા.૫૦૦૦ તથા કાનુની ખર્ચ પેટે ૩૦૦૦ ચુકવવાનો આદેશ કર્યો હતો.

દેશમાંથી થતી નિકાસમાં ૩૦ ટકા સાથે ગુજરાતનો સિંહ ફાળો

નિકાસ મામલે ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી અવ્વલ : ગુજરાતમાંથી રૂ. ૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી

નવી દિલ્હી,તા. ૧૨ :

દેશમાંથી થતાં નિકાસમાં ગુજરાતનો હિસ્સો ચાલુ વર્ષમાં અત્યાર સુધીમાં ૨૯.૬૮ ટકાએ પહોંચી ગયો છે. ચાલુ નાણાંકીય વર્ષમાં આજ સુધીમાં ગુજરાતમાંથી રૂ. ૮૪,૫૦૦ કરોડની નિકાસ કરવામાં આવી છે. વિદેશમાં થતી નિકાસમાં ગુજરાતનો આ આંકડો સૌથી વધુ છે. બીજી તરફ અમદાવાદથી ભરૂચ સુધી ઈન્ડસ્ટ્રીઝનો એક આખો પટ્ટો ધરાવતા વડોદરામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૬૯,૮૪૨ કરોડની નિકાસ થવા પામી છે.

જી-૨૦ અંતર્ગત એકતાનગર ખાતે ચાલી રહેલી ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠકમાં સભ્ય દેશો વચ્ચે આ વિષય ઉપર સંભાવના અને તકો ઉપર મંથન કરવામાં આવી રહ્યું છે. ત્યારે, કેન્દ્ર સરકારના વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ ગુજરાતનું મસ્તક ગૌરવ સાથે ઉંચુ કરે એવા છે. આ આંકડાઓ દર્શાવે છે કે નિકાસ કરવામાં ગુજરાત છેલ્લા ત્રણ વર્ષથી સતત ટોપ ઉપર છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતમાંથી કુલ રૂ. ૯,૪૫,૭૯૬ કરોડની નિકાસ થઇ હતી. આ નિકાસ દેશની કુલ નિકાસના ૩૦.૦૫ ટકા હતી. એ વર્ષમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૭.૩૨ ટકા હતો અને ત્રીજા ક્રમે ૮.૩૪ ટકા સાથે તમિલનાડુ રહ્યું છે. એ પછીના વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાતની કુલ નિકાસમાં ૩ ટકાથી માતબર વૃદ્ધિ નોંધાઇ હતી. તે વર્ષમાં ગુજરાત રૂ. ૧૨,૦૦,૦૦૧ કરોડ મૂલ્ય ધરાવતી વસ્તુઓની નિકાસ કરવામાં આવી હતી. જે દેશની કુલ નિકાસના ૩૩.૧૪ ટકા હિસ્સો ધરાવે છે. આ નાણાંકીય વર્ષ દરમિયાન પણ મહારાષ્ટ્ર ૧૬ ટકા સાથે બીજા રહ્યું છે. ચાલુ નાણાંકીય વર્ષના અત્યાર સુધીમાં રૂ. ૮૪,૫૦૦ કરોડની નિકાસ થઇ છે. આ આંકડો પણ દેશના તમામ રાજયો પૈકી સૌથી વધારે છે.

ગુજરાતમાંથી નિકાસ કરતા જિલ્લાઓમાં અમદાવાદનો ક્રમ પ્રથમ છે. ચાલુ વર્ષમાં અમદાવાદમાંથી રૂ. ૭૬૨૦ કરોડની નિકાસ થઇ છે. દવાઓ, મશીનરી, સ્માર્ટસ ફોન, આભૂષણો, ચોખા, કપાસ અને કાપડ સહિતની વસ્તુઓની અધિકત્તમ નિકાસ અમદાવાદથી થઇ છે.

વડોદરા પણ નિકાસની બાબતોમાં ઉભરી રહ્યું છે અને અહીંથી અનેક વસ્તુઓની વિદેશમાં નિકાસ કરવામાં આવે છે, આ નિકાસથી વિદેશી હુંડિયામણ રળી આપવામાં વડોદરા પણ આગે કદમ છે.

છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ એટલે કે, ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ (ચાલુ) દરમિયાન વડોદરામાંથી થયેલી નિકાસનું મૂલ્ય અનુક્રમે જોઇએ તો રૂ. ૩૧,૨૪૮ કરોડ, રૂ. ૩૫,૭૮૫ કરોડ અને રૂ. ૨૮૦૮ કરોડ છે. આમ, છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૬૯,૮૪૨ કરોડની નિકાસ થઇ છે. વડોદરામાંથી મહત્તમ કેમિકલ, દવાઓ, મશીન અને તેના પાર્ટ્સ, સ્માર્ટસ ફોન સહિતની વસ્તુઓ અને કોમોડિટીની નિકાસ થાય છે.

સાવરકુંડલામાં નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિતે મહારકતદાન કેમ્પ યોજાયો

(બિપીન પાંધી દ્વારા)

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા ખોડલધામ સમિતિ દ્વારા નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આ રક્તદાન કેમ્પ શ્રી યોગેશ્વર ડાયમંડ નેસડી રોડ સાવરકુંડલા ખાતે આયોજન કરવામા આવેલ જેના અનુસંધાને ૧૦૧ બોટલ રક્ત એકત્રિકરણ કરવામાં આવેલ જેમાં સહયોગી શ્રી શાંતા બા મેડિકલ કોલેજ અમરેલી દ્વારા રક્તદાન સ્વીકારવામાં આવેલ અને જેમાં સાવરકુંડલાની અન્ય સહયોગી સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તેમજ લાયન્સ ક્લબ, શ્રી ખોડલધામ સમિતિ સાવરકુંડલા દ્વારા આ રક્તદાન કેમ્પને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લાના ૩૧૩ ગામોનો પીવાના પાણીનો પ્રશ્ન દૂર

(ગોવિંદ હડિયા કેશોદ)

જુનાગઢ,તા.૧૨

જૂનાગઢ જિલ્લાનો સૌથી મોટો અને ૩૧૩ ગામોની જીવાદોરી સમાન ઓઝત - ૨ ડેમ સીઝનના પ્રથમ જ વરસાદમાં ૭૮ ટકા જેટલો ભરવામાં આવ્યો છે. સાથે જ આ ડેમ ૪૩ ગામોના ખેડૂતોને ૯૪૦૦ હેકટરમાં સિંચાઈનું પાણી પણ પૂરું પાડે છે. આમ, જિલ્લામાં સારા વરસાદને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

બાદલપુર ગામ પાસેના ઓઝત-૨ જળ સંપત્તિ યોજનાના સેક્શન ઓફિસર ડી.ડી. ભારાઈ કહે છે કે, ૨૫ દરવાજા ધરાવતા આ ડેમના સારા વરસાદના પગલે ૧૦ જેટલા દરવાજા દોઢ મીટર સુધીના ખોલવામાં આવ્યા હતા. હાલ આ ડેમના પાણીના આવકના પ્રવાહને ધ્યાનમાં રાખીને બે દરવાજા અડધા ફુટ ખુલ્લા રાખવામાં આવ્યા છે.

તેઓ જણાવે છે કે, ચોમાસાની સ્થિતિને ધ્યાનમાં રાખીને ડેમને પૂર્ણ સપાટીએ ભરવામાં આવે છે. હાલ ઓઝત - ૨ની ૭૬.૫૦ મીટરની સપાટી છે. ડેમની પૂર્ણ સપાટી ૭૭.૫૦ મીટરની છે. એટલે કે એફ.આર.એલ (Full Reservi or Level) સુધી ચોમાસુ આગળ વધે તેમ તબક્કાવાર ભરવામાં આવે છે. અત્યારે ડેમ એટલા માટે પૂર્ણ સપાટી ભરવામાં નથી આવતો કે, ફલડની સ્થિતિને નિયંત્રિત કરી શકાય.

ઓઝત-૨ ડેમની ૩૬.૨૦ મિલિયન ઘન મીટર પાણીનો જથ્થો સમાવવાની ક્ષમતા છે. જે પીવાના પાણી માટે પ્રતિદિન અંદાજે ૪ કરોડ લીટર જેટલું પાણી પૂરું પાડી શકે છે.

ઉપરાંત ૯૪૦૦ હેક્ટરમાં આ ડેમમાંથી સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ સાથે ડી.ડી. ભારાઈએ જણાવ્યું કે કાર્યપાલક ઈજનેર ઉકાણીના માર્ગદર્શનમાં ઓઝત-૨ સંપત્તિ યોજના પર સતત મોનિટરિંગ- દેખરેખ રાખવામાં આવી રહી છે

રાજકોટ જિલ્લામાં સેજા લેવલએ મિલેટ્સ વાનગી સ્પર્ધામા ૧૨૯૩ આંગણવાડી કાર્યકર બહેનોએ ભાગ લીધો

સંકલિત બાળ વિકાસ યોજના કચેરી આયોજિત સ્પર્ધામાં ૧૬૪ વિજેતા બહેનોને પ્રમાણપત્ર અપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ તા. ૧૨

રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૩ - 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' નિમિત્તે છેવાડાના લોકો સુધી ટેક હોમ રાશન અને પરંપરાગત ધાન્યના ઉપયોગ માટે જાગૃતતા કેળવવાના હેતુસર આંગણવાડી કાર્યકરો માટે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કચેરી અંતર્ગત સંકલિત બાળ વિકાસ યોજના કચેરી દ્વારા સેજા લેવલએ આયોજિત મિલેટ્સ વાનગી સ્પર્ધામાં ૧૨૯૩ કાર્યકરોએ ભાગ લીધો હતો.

રાજકોટ જિલ્લા પંચાયતની સંકલિત બાળ વિકાસ યોજના કચેરીના પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજીના નેજા હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં સેજા લેવલએ આંગણવાડીઓ ખાતે ગત તા. ૦૧થી ૦૮ જુલાઈ સુધી મિલેટ્સ વાનગી સ્પર્ધા યોજાઈ હતી. રાજકોટ તાલુકામાં ૧૪૧, ધોરાજી તાલુકામાં ૧૧૬, જામકંડોરણા તાલુકામાં ૮૭, જેતપુર તાલુકામાં ૧૪૪, કોટડાસાંગાણી તાલુકામાં તથા વિંછીયા તાલુકામાં ૭૪, ગોંડલ તાલુકામાં ૨૫૩, પડધરી તાલુકામાં ૭૦, ઉપલેટા તાલુકામાં ૧૪૨, જસદણ તાલુકામાં ૧૫૧ અને લોધિકા તાલુકામાં ૪૧ મળી કુલ ૧૨૯૩ આંગણવાડી કાર્યકર બહેનોએ મિલેટ્સ વાનગી સ્પર્ધામાં ભાગ લઈ પરંપરાગત ધાન્યનો ઉપયોગ કરી પોષણયુક્ત વાનગી બનાવી હતી. જે પૈકી ૧૬૪ બહેનો વિજેતા બની હતી. વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારની વિવિધ આંગણવાડીઓ ખાતે સી.ડી.પી.ઓ., મુખ્ય સેવિકા, ઘટક કચેરીનો સ્ટાફ, મેડીકલ ઓફિસર, મહિલા આરોગ્ય કાર્યકર, તાલુકા પંચાયતના સદસ્યઓ, સરપંચ, ઉપસરપંચ, લાભાર્થીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં મિલેટ્સ વાનગી સ્પર્ધા યોજવામાં આવી હતી.

ચોમાસા દરમ્યાન પાણી રોગચાળા થી બચવા આટલું અવશ્ય કરવા જિલ્લા આરોગ્ય તંત્રની ખાસ અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ,તા.૧૨

રાજકોટ જિલ્લામાં ચોમાસા દરમ્યાન વરસાદના કારણે પીવાનું પાણી દૂષિત થવાથી, પાણીજન્ય રોગચાળા થવાની સંભાવના રહેલી છે. પરંતુ, સવેળાની પૂર્વ તૈયારી અને આગોતરા આયોજનથી પાણીજન્ય રોગચાળો અટકાવી શકાય છે. ઉપરાંત ખુલ્લામાં વેચાતા ખાદ્ય પદાર્થ જેવાકે બરફના ગોલા, કુલ્ફી, ઠંડાપીણા, લસ્સી, શેરડીનો રસ તથા વધુ પાકી ગયેલા ફળો ખાવાના ઉપયોગમા લેવાથી કોલેરા, ઝાડા, ઝાડા-ઉલ્ટી, કમળો ટાઈફોઈ વગેરે પાણીજન્ય રોગચાળાઓ થાય છે. આ રોગચાળા થી બચવા માટે નીચે મુજબના પગલાઓ લેવા અતિ આવશ્યક છે.(૧) પીવાના પાણીને ઉપયોગમાં લેતા પહેલા ૨૦ મિનિટ સુધી ઉકાળવું. અને ત્યારબાદ જ પીવું. અથવા ક્લોરીનેશન વાળું પાણી જ પીવું (૨) પીવાના ૨૦ લીટર પાણીમાં એક ક્લોરિણની ટીકડી ભૂકો કરીને દ્રાવણ બનાવીને નાંખવું અને અડધા કલાક પછી જ પીવાના ઉપયોગમાં લેવું. (૩) ઘરોની આજુબાજુ ગંદકી કરવી નહી, કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવો.(૪) જાહેર જગ્યાઓ જેમકે હોટલ, રેસ્ટોરન્ટ, નાસ્તાની લારીઓમાં વેચાતા વાસી અખાદ્ય પદાર્થ કે ખુલ્લામાં વેચાતા કાપેલા, પાકી ગયેલા ફળો ખાવાનું ટાળો.(૫) ખાદ્ય પદાર્થોને ઢાંકીને રાખવો. તથા દૂધ ઉકાળીને જ પીવું. (૬) શાળા કોલેજ જેવા જાહેર સંસ્થાન અને ગ્રામ પંચાયતો ના પાણી સંગ્રહસ્થાન(ટાંકી)ની નિયમિત સફાઈ થાય તેની તકેદારી રાખવી.(૭) મલેરિયા, ડેન્ગ્યુ, ચિકન ગુનીયા જેવા રોગોથી બચવા મચ્છરનો ઉપદ્રવ આટકવો. (૯) મચ્છરનો ઉપદ્રવ અટકાવવા ઘરની આજુ બાજુ નાના ખાડા, ખાબોચિયામાં પાણી ભરાયા હોય તેને વહેતું કરો, તથા ઘરમાં જૂના ભંગાર, ટાંકી, ટાયર, તૂટેલા માટલાં, તથા જૂના પાત્રોમાં પાણી ન ભરવા દો તુર્તજ નિકાલ કરો.(૧૦) આપના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો રોગચાળો નોંધાય તો તુર્તજ સ્થાનીક આરોગ્ય કાર્યકર આશા બહેનને જાણ કરો જેથી ત્વરિત રોગ અટકાયતી પગલાં લઈ શકાય.આમ ચોમાસા દરમ્યાન આટલું કરવા જિલ્લા આરોગ્ય તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા જાહેર જનતાને ખાસ અપીલ કરવામાં આવે છે

રામોદ, નારણકા અને નવી મેંગણી સેજામાં મિલેટ વાનગી સ્પર્ધા યોજાઈ

રાજકોટ તા. ૧૨ કોટડાસાંગાણીના રામોદ, નારણકા અને નવી મેંગણી સેજામાં મિલેટ વાનગી સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃત્ય આવનાર સ્પર્ધકોને પ્રમાણપત્ર એનાયત કરી અને ઘટક કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવામાં આવી હતી.પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રીબેન નાથના માર્ગદર્શન હેઠળ બાળ વિકાસ યોજના અધિકારી પુજાબેન જોશી તેમજ સેજાના સુપરવાઈઝરના દ્વારા મિલેટ્સ વાનગીમાં પોષણ મૂલ્ય અને સ્વાદના સંયોજનયુક્ત વાનગી બનાવવાની રીત, પ્રેઝેન્ટેશન વગેરે બાબતો વિશેની જાણકારી આપી હતી. આ તકે રામોદ મેડિકલ ઓફિસરશ્રી ડો. ગોહિલ, શાળાના આચાર્યશ્રીઓ, નારણકાના એસ.વી. ગંગાબેન, એફ.એચ.ડબલ્યુ સુમનબેન નવી મેંગણી સેજામાં ખેતીવાડી અધિકારીશ્રી મૂણિયા, એચ.વી. રીટાબેન, આર.બી.એસ.કે.ની ટીમ ઉપસ્થિત રહી હતી.

RAJKOT MUNICIPAL CORPORATION
e-TENDER Notice
e-Tender No.RMC/SWM/2023-24/03
Rajkot Municipal Corporation invites e-Tenders from the agency having proper experience for the supply of different type items for solid waste management store. The last date for downloading and submission of online e-Tenders as above is 02 August 2023 up to16.00 hours and 18.00 hours respectively. Whereas pre-bid meeting is scheduled on 19 July 2023, 11:30 hours. Please visit www.nprocure.com or www.rmc.gov.in for further details.
Environment Enginee

બે કરોડથી વધુ ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ થઈ ગયા

નવી દિલ્હી તા.૧૨

ભારતમાં લોકોની આવક વૃધ્ધિ તથા કરચોરી ડામવાના વિવિધ પગલાથી કરદાતાઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ કરવાનો છેલ્લો દિવસ ૩૧ જુલાઈ છે.તે પુર્વે ૧૧ જુલાઈ સુધીમાં બે કરોડથી વધુ ઈન્કમટેકસ રીટર્ન ફાઈલ થઈ ગયા છે. છેલ્લા દિવસોમાં ઘસારાથી બચવા વહેલીતકે રીટર્ન ફાઈલ કરવાની અપીલને ધ્યાને રાખીને લોકો રિટર્ન વહેલા ફાઈલ કરવા લાગ્યાનું ચિત્ર છે.

બગસરાના હામાપુર ગામ પાસે બેલા ભરેલ ટ્રક પલટી જતાં ૧ શ્રમિકનું મોત : ૨ ઘાયલ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૨

રાજકોટ નજીક આવેલ શાપર ગામે રહેતા અને ડાઈવીંગ કરતાં હરેશભાઈ માનસીંગભાઈ મેડા નામનાં ઈસમે પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે.-૩ બીવી ૫૫૮૨ માં વાંકાનેર તાલુકાના પાળધરા ગામેથી બેલા ભરી અને ધારી નજીક આવેલ રામપરા ગામે જતાં હોય. ત્યારે બગસરા તાલુકાનાં હામાપુર ગામ પાસેથી પસાર થતાં હતા ત્યારે ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા ટ્રકમાં બેસેલ રાજુભાઈ ગોરધનભાઈ વાંકલાને ગંભીર ઈજાઓ થતાં મોત નિપજયું હતું જયારે અન્ય બે શ્રમિક સંજયભાઈ સેગાભાઈ પરમાર સહિત બે લોકોને નાની-મોટી ઈજાઓ થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

અમરેલીનાં સાવરકુંડલા માર્ગ ઉપરથી ચોરીની રેતી ભરેલ ટ્રેકટર ઝડપાયું

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૨

અમરેલીનાં રોકડીયાપરા વિસ્તારમાં રહેતા જયેશભાઈ નાનજીભાઈ દેગામા નામનાં ટ્રેકટર ચાલક પોતાના હવાલાવાળા ટ્રેકટર નં. જી.જે.-૧૪ બીડી ૯૧૦માં વગર પાસ પરમીટે, રોયલ્ટી કે લીઝ વગરની ભરીને અમરેલી નજીક આવેલ નવા માર્કેટયાર્ડ પાસેથી પસાર થતાં હોય. ત્યારે અમરેલી તાલુકા પોલીસે તેમને રેતી, ટ્રેકટર સહિત રૂા. ૪,૫૧,૦૦૦નાં મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના પાઈપલાઈન્સ વિભાગ દ્વારા સ્વચ્છતા પખવાડિયા - ૨૦૨૩ ની ઉજવણી કરાઈ

આઈ.ઓ.સી.એલ. રાજકોટ દ્વારા રેડિયો વિજ્ઞાપન અને સ્વચ્છતા રથ દ્વારા સ્વચ્છતા અંગે લોકોને જાગૃત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય - રાજકોટ)

રાજકોટ, તા. ૧૨

રાજકોટ શહેરમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના પાઈપલાઈન્સ વિભાગ દ્વારા 'સ્વચ્છતા પખવાડિયા - ૨૦૨૩' અંતર્ગત તા. ૯ જુલાઈ રવિવારે સવારે જનજાગૃતિ અર્થે સ્વચ્છતા રથ સાથે પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર શહેરમાં સ્વચ્છ ભારત અભિયાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે તૈયાર કરાયેલા ખાસ સ્વચ્છતા રથનું પ્રસ્થાન ચીફ જનરલ મેનેજર (ઓપરેશન્સ) સુજીત કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રથ સાથે સ્વચ્છતા સંબંધિ પેમ્ફલેટ વિતરિત કરવામાં આવ્યા હતાં તેમજ સ્વચ્છતા સંબંધી સંવાદત્મક ઓડિયો અને ગીતો વગાડવામાં આવ્યા હતાં. વધુમાં વ્યાપક જન-જાગૃતિ અર્થે રેડિયોના માધ્યમથી સ્વચ્છતા સંદેશાઓ પણ પ્રસારિત કરવામાં આવ્યા હતા. પ્રભાત ફેરીમાં કર્મચારીઓ તથા તેના પરિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા તેમ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડની યાદીમાં જણાવાયું છે.

તંત્રી લેખ

ઓછામાં ઓછા ખર્ચમાં અવકાશમાં ઉપગ્રહ મોકલવાની ટેક્નોલોજી

ભારતીય ખગોળ વિજ્ઞાનીઓએ અત્યાર સુધીમાં અવકાશ સંશોધન બાબતમાં દેશના સંદેશ વ્યવહાર તંત્રને શક્તિશાળી બનાવતા અનેક પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે. ઈસરોએ ઓછામાં ઓછા ખર્ચમાં અવકાશમાં ઉપગ્રહ મોકલવાની ટેક્નોલોજી વિકસિત કરી છે અને તેનો ઉપયોગ વ્યવસાયિક સ્તર પર કરવાની શરૂઆત કરી છે. અગાઉ જાન્યુઆરી ૨૦૧૮માં ઈસરોએ ઉતરાયણ પહેલા લોન્ચ કરેલા ૩૧ ઉપગ્રહોમાંથી ૨૮ ઉપગ્રહ પરદેશી હતા. સામાન્ય રીતે અવકાશી પ્રોજેક્ટ અત્યંત મોંઘા અને લાંબાગાળાના હોય છે. ભારતના અવકાશી પ્રોજેક્ટ લાંબા ગાળાના હોય, પરંતુ મોંઘા નથી હોતા. ઉપગ્રહ બનાવવા એ મોટો પડકાર છે, એ રીતે બનાવ્યા પછી તેને લોન્ચ કરવો એ પણ મોટો પડકાર છે. ભારત અત્યારે એ બન્ને પડકાર સફળતાપૂર્વક પાર કરી ચૂક્યું છે. કુલ ૯ દેશો પાસે જ લોન્ચિંગની સુવિધા છે. પરિણામે એ સિવાયના દેશોએ લોન્ચિંગ માટે ભારત પાસે આવવુ પડે છે. અમેરિકા-ફ્રાન્સ પાસે પોતાની લોન્ચિંગ ફેસિલિટી હોવા છતાં એ ભારતની જ સસ્તી અને વધુ સલામત સેવાનો લાભ લેવાનું પસંદ કરે છે.એક વાતની નોંધ લેવી જોઈએ કે ભારતનો ઉપગ્રહ કાર્યક્રમ સંપૂર્ણપણે બિનલશ્કરી અને ઘર આંગણે વિકસાયેલો છે. રશિયા અને અમેરિકા જેવા દેશોએ પહેલાં લશ્કરી ઉપયોગ માટેનાં મિસાઈલો અને રોકેટો બનાવ્યા પછી તેનો બિનલશ્કરી ઉપયોગ કર્યો હતો. એનો અર્થ એ થયો કે ઉપગ્રહની ટેક્નોલોજી વિકસાવ્યાનાદાયકાઓ પહેલાં જ તેમણે સંપૂર્ણ રોકેટ ટેક્નોલોજી વિકસાવી લીધી હતી. બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મનોએ રોકેટ ક્ષેત્રે જે પ્રગતિ કરી હતી તે અમેરિકા અને અન્ય દેશોને બહુ લાભકારક સાબિત થઈ હતી. જાપાન અને ઈઝરાયેલ જેવા અન્ય દેશો અમેરિકાની ડિઝાઈન પ્રમાણે રોકેટ બનાવે છે. આ રીતે જોઈએ તો આપણા વૈજ્ઞાનિકોનો માર્ગ વધુ મુશ્કેલ હતો. તેમણે તો એકડે એકથી બધું જ ઘરઆંગણે વિકસાવવાનું હતું તેથી આપણી સિદ્ધિ વધુ વખાણવાલાયક છે. આગામી દાયકાઓમાં પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં સંખ્યાબંધ સંદેશવ્યવહાર માટેના ઉપગ્રહો ગોઠવવાની મહત્વાકાંક્ષી આંતરરાષ્ટ્રીય યોજનાના સંદર્ભમાં સસ્તા અને વિશ્વાસપાત્ર રોકેટની જરૂરિયાત રહેશે. ભારત ઓછા ખર્ચે ઉપગ્રહો છોડી આપી શકે છે. એટલે આ આંતરરાષ્ટ્રીય બજારમાં તે નિશ્ચિતપણે સ્થાન જમાવી શકશે. ઈસરોએ બનાવેલાં રોકેટો ખૂબ જ સસ્તાં છે. સરળ શબ્દોમાં કહેવું હોય તો ભારતીય રોકેટ જે કામ ૧૦૦૦ રૂપિયામાં કરી આપે તે કામ માટે ચીન અમેરિકા કે રશિયા ૫૦૦૦થી ૬૫૦૦ રૂપિયા ખર્ચે છે. ભારત વિશ્વમાં સૌથી ઓછી કિંમતે ઉપગ્રહ અવકાશમાં મોકલી આપી શકે તેમ છે

હિમાચલમાં 'આફત'! ૧૦૫૦ કરોડનું નુકસાન, ૧૩૦૦ રોડ બંધ, ૧૦૦ મકાન થયા જમીનદોસ્ત અને ૮૦ના મોત

વરસાદ, પૂર, ભૂસ્ખલન જેવી ઘટનાઓની લપેટમાં આવવાને કારણે ૩૫૦ જેટલાં મકાનોને નુકસાનઃ ૧૨૯૯ રોડ પર વાહનવ્યવહાર બંધ

નવી દિલ્હી.તા.૧૨

આમ તો ચોમાસાએ આખા ઉત્તર ભારત પર જાણે કબજો જમાવી લીધો છે. જોકે ખાસ કરીને હિમાચલ પ્રદેશમાં તો વરસાદ કેર બનીને વરસી રહ્યો છે. હિમાચલ પ્રદેશમાં સૌથી વધુ ૮૦થી વધુ લોકો મૃત્યુ પામી ચૂક્યા છે. આ લોકોના મૃત્યુ વરસાદ, પૂર, ભૂસ્ખલન જેવી ઘટનાઓની લપેટમાં આવવાને કારણે થયા છે. તેમાં માર્ગ અકસ્માતને કારણે થયા મૃત્યુ પણ સામેલ છે. માહિતી અનુસાર ૪૭૦ જેટલાં પાલતું પશુઓ મૃત્યુ પામી ચૂક્યા છે. જ્યારે ૧૦૦થી વધુ મકાનોના નામો નિશાન પણ મળી રહ્યા નથી. ૩૫૦ જેટલાં મકાનોને નુકસાન થયું છે. જોકે ૧૦ લોકોનો કોઈ અતોપતો નથી. ૯૦૦ લોકો ફસાયા હોવાની માહિતી મળી રહી છે જેમને બચાવવા માટે અભિયાન હાથ ધરાયું છે. ચંદ્રતાલથી સૈન્યના હેલિકોપ્ટરથી બીમાર અને વૃદ્ધ લોકોને સુરક્ષિત બચાવાયા હતા. ચંદ્રતાલમાં ૩૫૦ જેટલાં લોકો હજુ ફસાયેલા છે. અત્યાર સુધી ૧૦૫૦ કરોડ રૂપિયાના નુકસાનનું આકલન કરી લેવાયું છે. જોકે નુકસાન ચાર હજાર કરોડથી વધારે થયું હોવાનું મનાય છે. હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા તાજેતરના પૂર્વાનુમાન અનુસાર આગામી ત્રણ દિવસ એટલે કે શુક્રવાર સુધી હવામાન સ્વચ્છ રહેવાનું અનુમાન છે. શનિવારે ૧૫ જુલાઈથી ફરી એકવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાનું અનુમાન છે. તેનાથી વરસાદ થવાની શક્યતા વધી ગઈ છે. રાજ્યમાં ત્રણ નેશનલ હાઈવે સહિત ૧૨૯૯ રોડ પર વાહનવ્યવહાર બંધ થઈ ગયો છે. પાટનગર દિલ્હીમાં સતત વરસાદથી યમુના નદીનું જળસ્તર ૨૦૩ મીટર ઉપર જતા અને પાટનગરના નિચાણવાળા ક્ષેત્રોમાં પાણી ભરાવા લાગતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ખુદ એકશનમાં આવી ગયા છે અને તેમાં તેઓએ ઉપરાજયપાલ વી.કે.સકસેના સાથે બેઠક કરીને રાહત બચાવની સ્થિતિની તૈયારી કરવા આદેશ આપ્યો છે. દિલ્હીમાં ભારે વરસાદે હવે નવી દિલ્હીને પણ ધમરોળવાનું શરૂ કર્યુ છે અને ઈન્ડીયા ગેટ પાસેની સડક તુટવા લાગતા એલર્ટ જાહેર કરાયુ છે.

દિલ્હીમાં યમુનાના પાણી આસપાસની ઝુપટપટ્ટી બાદ હવે યમુનાની નીચાણવાળા વિસ્તારમાં ઘુસી જતા લોકોને સ્થળાંતર માટે તૈયાર રહેવા જણાવ્યું છે. યમુનાના નીચાણવાળા વિસ્તાર પાણી પાણી થયા છે અને હવે નીચાણવાળા ક્ષેત્રોમાં ઘરમાં પાણી ઘુસી ગયા છે તથા સમગ્ર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે.

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે જોશીમઠથી લગભગ ૫૦ કિ.મી. દુર ભયાનક પુરની પરિસ્થિતિ ઉભી થતા અહીંનો બે વિસ્તારને જોડતો મુખ્ય પુલ તુટી પડયો હતો તેના કારણે સીમા ક્ષેત્રમાં નીતી ઘાટી સાથેનો લોકોનો સંપર્ક કપાઇ ગયો છે. જોશીમઠ સહિતના વિસ્તારોમાં અગાઉ જયાં ભૂસ્ખલન થયું હતું ત્યાં પણ ખતરો વધ્યો છે તો બીજી તરફ ભારે વરસાદના કારણે હવે ભેખડો ધસી પડવાનું શરૂ થતા કેદારનાથ યાત્રા તાત્કાલીક રીતે થંભાવી દેવામાં આવી છે.

વિરપુર પાસે કાર અકસ્માતમાં જૂનાગઢના યુવાનનું મોત

ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કારે પલ્ટી મારી ડીવાઈડર પર ચડી ગઈ

વિરપુર,તા.૧૨

રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર રોજિંદા અનેક નાના-મોટા અકસ્માતના બનાવો બને છે જેમાં યાત્રાધામ વીરપુર પાસે કાર અકસ્માત થતા કારચાલક નું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું આ અકસ્માતની જાણ વીરપુર પોલીસને થતા તુરંત સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર વીરપુર નજીક વછરાજ હોટલની સામે મોડી રાત્રે કાર અકસ્માતની ઘટના સામે આવી હતી જેમાં કાર ચાલક રાજકોટ થી જુનાગઢ તરફ કાર લઈને જઈ રહ્યો હતો ત્યારે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા પલટી મારીને કાર ડિવાઈડર પર ચડી જવા પામી હતી.

જેમાં ઘટના સ્થળે કાર ચાલક જુનાગઢનો યુવાન ભાવેશ મોડેદરા (ઉ.વ.૨૭)નું મોત નીપજ્યું હતું અકસ્માતની જાણ થતાં જ વિરપુર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતક ભાવેશના મૃતદેહને વીરપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.મૃતક ભાવેશ પરણિત હતો તેમને સંતાનમાં બે વર્ષની દીકરી અને પરિવારમાં માતા પિતા અને બે ભાઈ માથી સૌથી નાનો હતો નાની ઉંમરે અકસ્માતમાં મૃત્યુ થતાં પરિવારમા ગમગીની છવાઈ હતી.

હોટલોના રેન્ક વધારવા પાર્ટ ટાઈમ જોબ કરો તેમ કહીં ૩૮.૨૩ લાખની છેતરપીંડી

જામકંડોરણા પોલીસે ગુનો નોંધ્યો, મેસેજ ટેલિગ્રામમાં મોકલી પ્રથમ ૮૬૦ અને પછી ૨૧૦૦૦ કમિશન આપી જાળ બિછાવી ઠગાઈ કરી

રાજકોટ, તા.૧૨

હોટલોના રેન્ક વધારવા પાર્ટ ટાઈમ જોબ કરો તેમ કહીં પશુ સારવારનો વ્યવસાય કરતા ગુંદાસરીના પ્રફુલ પટેલ સાથે ૩૮.૨૩ લાખની છેતરપીંડી થઈ છે. આ અંગે જામકંડોરણા પોલીસે ગુનો નોંધ્યો છે, ફ્રી ટાઈમમાં નોકરી કરો તેવો મેસેજ ટેલિગ્રામમાં મોકલી પ્રથમ રૂ.૮૬૦ અને પછી રૂ.૨૧૦૦૦ કમિશન આપી જાળ બિછાવી ઠગાઈ કરી હતી. રૂ.૩૮.૨૩ લાખ પરત જોતા હોય તો હજુ રૂ.૨૬.૩૮ લાખ ભરો તેમ વાત કરતા પટેલ યુવાનને છેતરપીંડી થયાનો ખ્યાલ આવ્યો હતો.

ફરિયાદી પ્રફુલભાઈ ધરમશીભાઇ ભંડેરી (પટેલ) (ઉ.વ.-૩૫, રહે. ગુંદાસરી તા. જામકંડોરણા)એ ફરિયાદમાં જણાવ્યું કે, હું પશુ ડોકટરનો વ્યવસાય કરું છું. ઉપરાંત અમારે ખેતી અને પશુપાલનનું કામ પણ છે. મારા ટેલીગ્રામ એકાઉન્ટમાં તા.૧૪/૬/૨૦૨૩ ના રોજ સૂર્યા સિંહ નામના એકાઉન્ટમાંથી એક મેસેજ આવેલ. જેમાં મને ઈક્સિગો એજન્ટ સૂર્યા છું એવી મને તેમની ઓળખાણ આપેલ. મને હોટલના રેટીંગને આગળ લઇ જવા માટેની ફ્રી ટાઇમમાં નોકરી બાબતે જાણવા માંગો છો તેમ મેસેજ જણાવેલ. જેથી મેં મેસેજમાં હા પાડેલ. તે પછી તેમણે મારૂ નામ પુછેલ અને મને નોકરીની વિગતમાં તેમણે ફાઇવ સ્ટાર હોટલ ના રેટિંગ નકકી કરવાના અને કુલ ૨૮ ફાઇવ સ્ટાર હોટલના રેન્ક દર્શાવી તેના સ્ક્રીન શોર્ટ ફોટાઓ મોકલવાના અને તે મુજબ રોકાણ કરી ફ્રી ટાઇમ નોકરીની સમજ આપેલ હતી.

તે પછી મને ઇક્સિગો કંપનીમાં મારૂ એકાઉન્ટ બનાવવા માટે એક

લીંક આપેલ. જેથી મેં એકાઉન્ટ બનાવેલ. ઉપરાંત મારા એસ.બી.આઇ. એકાઉન્ટ જોઇન્ટ કરેલ. સુર્યા સિંગ એજન્ટે પ્રથમ રૂ.૮૬૦ કમિશન પેટે મારા એસ.બી.આઇ. એકાઉન્ટમાં જમાં કરેલ. પછી તેમણે ફ્રી ટાઇમ નોકરી કરવી હોય, તો રૂ. ૧૧,૩૦૦ ભરો તેમ કહ્યું હતું. મેં રૂપીયા ભરવાની હા પડતા તેઓએ ઇક્લિગ કંપનીના ટેલીગ્રામ કસ્ટમર કેર યુઝર નેમમાં વાત કરવાનું જણાવેલ. જે એકાઉન્ટમાંથી વી.કે. ઇલેક્ટ્રોનીક એકાઉન્ટમાં રૂ. ૧૧,૩૦૦ ભરવાનો મેસેજ આવેલ. જેથી મેં તા.૧૬ જુનના રોજ જમા કર્યા હતા. જેથી તે જ દિવસે મારા બેંક એકાઉન્ટમાં કમિશન પેટેના રૂ.૨૧૭૬૪ જમા થયા હતા.

વધુમાં જણાવ્યું કે, ફરી મેં ૧૧,૩૦૦ તા. ૧૭ જુનના રોજ ટ્રાન્સફર કરેલ. તે પછી તે જ દિવસે ફરીથી રૂ. ૩૨,૯૨૯ ભરવાનો મેસેજ આવેલ. મારા મિત્ર રાજ પ્રવીણભાઇ ભંડેરી (રહે.ગુંદાસરી તા. જામકંડોરણા)ના બેંક એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરેલ. તા.૧૮ના રોજ રૂ.૬૦૬૦૧ ફરીથી કસ્ટમર કેરમાંથી મને ભરવાનો મેસેજ આવતા મેં મારા બીજા મિત્ર ગૌતમભાઇ ગોવીંદભાઇ રાંક (રહે. ગુંદાસરી)ના ડ્રીમ ફુડ એન્ડ ટ્રેડસના એકાઉન્ટમાંથી ટ્રાન્સફર કરેલ હતા.

વધુમાં પ્રફુલભાઈએ જણાવ્યું કે, એજન્ટો, સુપર વાઇઝર તથા કસ્ટમર કેરના માણસોએ તમારો રેન્ક ઘટે છે, તમારે પુરો કરવો પડશે તેમ કહી વધુને વધુ રકમ ભરાવી કુલ રૂ.૩૮,૨૩,૨૬૧ ટ્રાન્સફર કરાવ્યા હતા. અને મેં સૂર્યા સિંહ, બાદ બીસુ બી. હદુરી અને એના ઉપરી અનિલ ગુર્જર સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે વધુ ૨૬,૩૮,૫૨૫ ભરશો તો જ બીજી રકમ પરત મળશે તેમ કહેતા છેતરપીંડી થયાનો ખ્યાલ આવતા પોલીસમાં જાણ કરી હતી. હાલ જામકંડોરણા પોલીસે ફરિયાદ નોંધી છે અને વધુ તપાસ રાજકોટ રેન્જના પીઆઈ જે.વાય. ચૌહાણે હાથ ધરી છે.

ગુજરાતમાં નહીં પડે પાણીની તંગી

૩૦ જળાશયો ૧૦૦ ટકા ભરાયા, નર્મદા ડેમમાં ૫૮ ટકા પાણીનો જથ્થો

રાજ્યના સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૪૭.૬૩ ટકા જેટલો નોંધાયો

(એજન્સી સમાચાર)

રાજકોટ.તા.૧૨

રાજ્યમાં અનેક જિલ્લાઓમાં મેઘમહેર થતા અનેક જળાશ્યોમાં નવા નીર આવતા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. રાજ્યમાં જળ સંપતિ વિભાગના અહેવાલ અનુસાર આ વર્ષે નર્મદા સહિત ૪૮.૭૪ ટકા જળાશયો ભરાયા છે. આ સિવાય ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૮.૯૦ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જ્યારે રાજ્યના ૩૦ જળાશયો ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા છે. ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસતા જળાશયોમાં નવા નીર આવ્યા હતા. ત્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૮.૭૧ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૩૨.૦૩ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૫.૮૩ ટકા તેમજ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ સિવાય કચ્છના ૨૦ જળાશ્યોમાં ૬૪.૧૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ ઉપરાંત રાજ્યના ૪૧ જળાશયો હાઈ એલર્ટ પર છે જેમા ૯૦ ટકાથી વધુ તેમજ ૧૩ જળાશયો એલર્ટ પર છે જેમા ૮૦ ટકાથી ૯૦ ટકા સુધી તથા ૧૮ જળાશયો વોર્નિંગ પર છે જેમા ૭૦ ટકાથી ૮૦ ટકા સુધી પાણીનો જથ્થો છે. આ સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૩૪ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો છે. રાજ્યમાં અનેક જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે ત્યારે રાજ્યના સિઝનનો કુલ સરેરાશ વરસાદ ૪૭.૬૩ ટકા જેટલો નોંધાયો છે. જેમા જેમા ઝોન પ્રમાણે વાત કરીએ તો કચ્છ ઝોનમાં ૧૧૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૫.૪૭ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૦.૭૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૩૨.૨૯ ટકા જ્યારે પૂર્વ મધ્ય ગુજરાતમાં ૩૪.૮૩ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જે ડેમોમાં ૧૦૦ ટકા પાણી આવી ગયું છે તેમાં મોજ, ફોફળ, સોડવદર, વેરી, ન્યારી-૧ તથા લાલપરીનો સમાવેશ થાય છે. રાજકોટની જીવાદોરી સમાન આજી-૧ ડેમમાં પણ ૨૫.૩૦ ફુટ સાથે ૭૫ ટકા પાણી આવી ગયુ છે. આ ઉપરાંત મોરબી જિલ્લાનાં ૧૦ ડેમોમાં ૫૦ ટકા પાણી આવી ગયું છે અને એક ડેમ પુરો ભરાઇ ગયો છે. તેમજ સૌરાષ્ટ્રમાં સૌથી વધુ જળસંગ્રહ જામનગર જિલ્લાના ૨૨ ડેમોમાં ૬૬ ટકા થઇ ગયો છે. તેમજ સાત ડેમો ૧૦૦ ટકા ભરાઇ ગયા છે. જોકે દ્વારકા જિલ્લાનાં જળાશયોમાં હજુ ખાસ નવા પાણીની આવક થઇ નથી આ જિલ્લાનાં ૧૨ ડેમોમાં આજની સ્થિતિએ માત્ર ૧૬.૩૭ ટકા પાણી આવ્યું છે. તેમજ સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૧ ડેમોમાં ૪૮ ટકા જેટલો જળસંગ્રહ થઇ ગયો છે અને ત્રણ ડેમોમાં ૧૦૦ ટકા પાણી આવી ગયું છે.

મગફળીના ભાવમાં તેજીનો માહોલ ૧ મણના ૧૭૩૧ રૂ.ના સર્વોચ્ચ ભાવે સોદા પડયા

મગફળીના ભાવો વધતા સીંગતેલના ભાવો હજુ પણ ભડકે બળે તેવી વકી

રાજકોટ, તા., ૧૨ઃ

લીલા શાકભાજી, કઠોળ અને ખાદ્યતેલોમાં ભાવવધારા બાદ મગફળીના ભાવમાં પણ તેજી આવી છે. રાજકોટ યાર્ડમાં મગફળી ૧ મણના ૧૭૩૧ રૂપીયાના સર્વોચ્ચ ભાવે સોદા પડયા છે.

રાજકોટ યાર્ડમાં આજે મગફળી જાડી ૪૩૫ કવીન્ટલની આવક હતી અને એક મણના ભાવ ૧૩૭૫ થી ૧૭૩૧ રૂપીયાના ભાવે સોદા પડયા હતા. મગફળી-જી-૨૦નો ૧૭૩૧ રૂપીયાનો ભાવ ઓલટાઇમ હાઇ હોવાનું વેપારી સુત્રોએ જણાવ્યું હતું.

વેપારી સુત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, યુપીના મેનપુરી જીલ્લો અને ગુજરાતના ડીસા તથા પાલનપુરમાં ભારે વરસાદના કારણે ઉનાળુ

મગફળીના પાકને નુકશાન થતા ઉનાળુ મગફળીની આવકો ઘટશે તેવા અહેવાલે મગફળીના ભાવોમાં જબ્બર ઉછાળો આવ્યો છે. ગઇકાલે મગફળી જાડી એક મણના ભાવ ૧૩૫૧ થી ૧૫૯૦ રૂ. હતા તેમાં એક મણે ૧૩૧ રૂપીયાનો ઉછાળો થયો છે.

બીજી બાજુ ફોરેન માર્કેટમાં પણ સીંગદાણાની ડીમાન્ડ નીકળી છે. ચાલુ વર્ષે અધિક અને શ્રાવણ માસના કારણે પણ શીંગદાણાની ડીમાન્ડ નીકળી છે. ડીમાન્ડ સામે હાજર માલની ખેંચ હોય મગફળીના ભાવોમાં ઉછાળો જોવા મળ્યો છે. મગફળીના ભાવો વધતા આગામી દિવસોમાં સીંગતેલના ભાવો હજુ પણ ભડકે બળે તેવી શકયતા છે. લીલા શાકભાજી, કઠોળ અને ખાદ્યતેલોના ભાવ વધારા વચ્ચે પ્રજા મોંઘવારીના મારમાં પિસાઇ રહી છે. ત્યારે મગફળીના ભાવવધારાથી પ્રજાને વધુ એક મોંઘવારીનો ઝાટકો લાગ્યો છે.

મવડીના યુવરાજ પાર્કમાં જવું હોય તો પહેલા

મોત નોતરતા ખાડા વટાવવા પડે, તંત્ર બે ધ્યાન ?

(તસવીરઃ દિલીપ ગોહેલ)

તંત્ર નહિ જાગે તો કોઈનો ભોગ લેવાશે : જાગૃત મહિલા

યુવરાજ પાર્કના બ્રીજ ઉપર કરાયેલી એક જાગૃત મહિલાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આ પુલ ઉપર ભરાઈ રહેતા પાણીથી વાહન ચલાવવું મુશ્કેલ છે. કઈ જગ્યાએ ખાડો આવશે તે નકકી કરી શકાતું ના હોય જો ગફલતમાં રહીએ તો ખાડામાં ફસાઈને બુરી હાલતમાં ગબડી પડવાની ભીતિ તમામ વાહન ચાલકોમાં છવાઈ ગઈ છે. જો તંત્ર તાત્કાલિક આ સમસ્યા નહિ ઉકેલે તો કોઈનો ભોગ લેવાવાની દહેશત પ્રબળ બની ગઈ છે.

અનેક વખતની રજુઆતો પછી પણ પરિણામ શૂન્ય ?

આજે કોંગ્રેસે યોજેલા યજ્ઞ દરમિયાન હાજર લત્તાવાસીઓએ કહ્યું હતું કે, બ્રિજની હાલત સુધારવા અનેક વખત રજુઆતો કરવામાં આવી છે પણ તંત્ર દાદ આપતું નથી. લાગે છે કે કોઈના લાલનો ભોગ લેવાય કે કોઈના સેંથાનો સિંદુર ભૂંસાય તે પછી જ તંત્ર જાગશે કે શું ? તેવો સવાલ જાગૃત લોકોએ ઉઠાવ્યો હતો.

કોંગ્રેસના આગેવાનોએ પ્રજા સમસ્યા હલ થાય અને સત્તાધીશો જાગે તે માટે હવન યોજી નવતર વિરોધ કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

શહેરના મવડી વિસ્તારના યુવરાજ પાર્કમાં જવાના રસ્તામાં આવતા બ્રીજ પર પડેલા અનેક ખાડાએ આવન જાવન કરતા લોકો પર ખતરો ઉભો કર્યો છે. આ સમસ્યા હલ કરવામાં આવે અને સત્તાધીશો જાગે તે માટે આજે શહેર કોંગ્રેસના આગેવાનોએ બ્રીજ ઉપર એક યજ્ઞ-હવન યોજીને નવતર વિરોધ કર્યો હતો. આ બાબતે શહેર કોંગ્રેસના મહામંત્રી પ્રકાશ વેજપરાએ વોર્ડ-૧૧ ના પ્રમુખ કેતન ત્રાડા, દીપ ભંડેરી, વિપુલ તારપરા, ભારત વેજપરા, જેન્તીભાઈ સોરઠીયા વિગેરને સાથે રાખી જણાવ્યું હતું કે, શહેરના મવડી વિસ્તારમાં આવેલા યુવરાજ પાર્કમાં જવા અત્યારે લત્તાવાસીઓ પારાવાર હેરાન થઇ રહ્યા છે. યુવરાજ પાર્કમાં જવા માટે ફરજીયાત એક બ્રીજ પસાર કરવો પડે છે પણ આ બ્રીજ પર સર્જાયેલા મોતના મુખ સમાન ખાડાથી રાહદારીઓ અને વાહન ચાલકો ભયભીત બની ગયા છે.

કારણ કે પ્રવર્તમાન ચોમાસાને લીધે બ્રીજ પર વરસાદી પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા હોવાથી કઈ જગ્યાએ ખાડો છે તે કોઈ જાણી શકતું નથી અને અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ નિર્માણ પામે છે. આવી સમસ્યા બાબતે લત્તાવાસીઓએ તંત્રને અનેકવખત જાણ કરવામાં આવી છે છતાં આ સમસ્યા હલ કરવા કોઈ જાગતું ન હોવાથી આજે તેઓએ ખાડાખબળા વાળા બ્રીજ પર યજ્ઞનું આયોજન આપી સત્તાધીશોને જગાડવાની આહુતિ આપી હતી.

એટલુજ નહી ઉપરોકત આગેવાનોએ શહેરમાં પ્રત્યેક રોડ-રસ્તામાં લાગતા વળગતા સત્તાધીશો કે કોર્પોરેટરો ૩૫-૪૦ ટકા કમીશન પ્રથા ચલાવતા હોવાથી રોડ-રસ્તા નબળાં બનતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

તંત્ર ઈમાનદાર બને તો જ લોકોને મજબુત સુવિધાઓ મળે : કોંગ્રેસ

મવડી વિસ્તારમાં યુવરાજ પાર્ક જતા વચ્ચે આવતા બ્રિજની દુર્દશા દુર કરવાની માંગણી સાથે હોમ-હવન યોજાતા કોંગ્રેસી આગેવાનોએ રોષભેર બળાપો કાઢ્યો હતો કે લાગતા વળગતા સત્તાધીશો જો બરાબર ધ્યાન આપે અને ગીર્રીતી કરાવનાર કે કરનારને રોકે એવી ઈમાનદારી બતાવે તો જ પ્રજાને મજબૂત સુવિધાઓ પ્રાપ્ત થઇ શકે. જોઈ આવો ગ્રામ્ય વિસ્તારોમાં સતાવાળાઓ દિલથી રોડ-રસ્તા બનાવ્યા હોય તેને વર્ષો પછી પણ ઉની આંચ આવી નથી. તો શહેરી રસ્તાઓ બનાવ્યા પછી કેમ અલ્પ સમયમાંજ તૂટી, ફાટી જઈને બિસ્માર થઇ જાય છે ? તેવા પ્રજાના સવાલોના જવાબ માટે આત્મમંથન જરૂરી છે.

ઉપરોક્ત આગેવાનોએ એવું પણ કહ્યું હતું કે, યુવરાજ પાર્કના જવાના આવા બિસ્માર રસ્તાની જેમ શહેરમાં જ્યાં પણ આવી હાલાકી પ્રજા ભોગવતી હશે તે વિસ્તારોમાં પહોચીને સંબંધિતોનું ધ્યાન દોરવા, જગાડવા કોંગ્રેસ દ્વારા આવા યજ્ઞ જેવા કાર્યક્રમો ચાલુ જ રખાશે.

‘પ્લેક્ષસ મેડ કેર’ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

વર્ષોથી રાજકોટમાં સેવારત પ્લેક્ષસ હોસ્પીટલ દ્વારા તાજેતરમાં રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ખાતે અદ્યતન સગવડતાઓ અને એડવાન્સ ટેક્નોલોજી સાથેની એજ નામ અને વિશ્વાસ સાથે ‘પ્લેક્ષસ મેડ કેર’ મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પીટલનો પ્રારંભ થયો છે. પ્લેક્ષસ મેડ કેર મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં હાલ હૃદયરોગ સંબંધીત તમામ સંપૂર્ણ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઇ છે. જેમાં ડો. દિનેશ રાજ (સીનીયર કાર્ડિયોલોજીસ્ટ), ડો. હરેન્દ્ર ઓઝા (કાર્ડિયાક સર્જન), ડો. તેજસ ચૌધરી (ક્રિટીકલકેર સ્પેશ્યાલિસ્ટ) સેવા આપી

રહ્યા છે. નવી શરૂ થયેલ પ્લેક્ષસ હોસ્પિટલના નિષ્ણાંત તબીબોના જણાવ્યા મુજબ, હૃદયરોગની એન્જીયોગ્રાફિ, એન્જીયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી, પેસ મેકર જેવી હૃદયરોગ માટેની તમામ સુવિધાઓ સાથેની ૫૨ બેડ ની અદ્યતન મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પીટલ રાજકોટમાં શરૂ કરાઇ છે. જ્યાં હૃદયરોગના દર્દીઓને તમામ સારવારનું સચોટ અને ઝડપી નિદાન માટે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ હૃદયરોગની સારવાર માટેનું એડવાન્સ ટેક્નોલોજી સાથેનું ફિલીપ્સ કંપનીનું હઝુરીયન મશીન અહિં દર્દીઓ માટે ઉપલબ્ધ કરાવાયું છે.

આગામી તા. ૧૬ ને રવિવારે સવારે ૯ થી ૧ ફ્રિ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલું છે. વધુ વિગત માટે પ્લેક્ષસ મેડ કેર હોસ્પિટલ, શિતલ પાર્ક બીઆરટીએસ સ્ટોપ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ, ૭૫૭૫૦૦૫૫૫૫ પર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર રેકડી-પાથરણાં એસોસિએશનની કરાઈ રચના

રેકડી-પાથરણાંના વ્યાજબી પ્રશ્નો અને સત્તાધીશો દ્વારા થતી કનડગતના પ્રશ્નો મોકલવા અનુરોધ : શહેરની જાણીતી સામાજિક સંસ્થા લોક સંસદ વિચાર મંચનો ખુલ્લો ટેકો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટના રેકડી-પાથરણાંવાળા માટે સૌરાષ્ટ્ર રેકડી-પાથરણાં એસોસિએશનની રચના કરવામાં આવેલ છે. રાજકોટ શહેરના ગરીબોને મધ્યમ વર્ગના રેકડી ચાલકો પાથરણાવાળા ગરીબ અને નાના ધંધાર્થીઓ માટે અને આવા અશિક્ષિત ધંધાર્થીઓ માટે એક મજબૂત સંગઠનની રચના કરવામાં આવેલ છે.

આ અંગે વધુ વિગતો આપવા મનપાના પૂર્વ કોર્પોરેટર નદિલીપ આસવાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, આશીફભાઈ શેખ, વિજયભાઈ પરમાર, દીપકભાઈ છાબરિયા, કમલેશભાઈ પારેખ, દીપકભાઈ રાજાણી, સલીમભાઈ મલેક, શબનમબેન પઠાણ, ફિરોજભાઈ, નીશીત અઢિયા. પૂજા રાજદેવ અને હાર્દિક રાજદેવ એમ તમામ આજે સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવ્યા હતા.

રેકડી ચાલકોને થતી કનડગત અને તેમના બંધારણીય અધિકારો મેળવવા અને ન્યાયિક અને વ્યાજબી માગણીઓ સંદર્ભે લડત ચલાવવામાં આવશે. હાલમાં સત્તાના જોરે શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સીધી દોરવણી હેઠળ રાજકોટના હજારો રેકડી ચાલકોને વખતો વખત કનડગત કરવામાં આવે છે.

આ માટે સૌરાષ્ટ્ર રેકડી પાથરણા એસોસિએશન લડત ચલાવશે. રેકડી પાથરણા એસોસિએશનને શહેરની જાણીતી સામાજિક સંસ્થા અને લોકોના વ્યાજબી અને અણઉકેલ પ્રશ્નો અંગે સતત જાગૃત પ્રહરીની ભૂમિકા ભજવતી નામાંકિત સંસ્થા લોકસંસદ વિચાર મંચનો ખુલ્લો ટેકો મળેલ છે. શહેરના સંબંધિત ધંધાર્થીઓને જોડાવા અપીલ કરાઈ છે. રાજકોટ શહેરમાં રેકડી-પાથરણાં જેવા ધંધાર્થીઓનું રજીસ્ટ્રેશન કરી રેકડીઓમાં નંબર ફાળવણી કરવામાં આવશે અને એમ્બોસ નંબર-પ્લેટો લગાવવામાં આવશે. સાથે સાથે આગામી સમયમાં એસોસિએશન દ્વારા એક મંડળીનું આયોજન કરવામાં આવશે.

જેમા રજીસ્ટ્રેશન રેકડીઓવાળાને પર્સનલ લોન આપવામાં આવશે. ૦% વ્યાજે આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરવામાં આવશે. હાઈકોર્ટના એડવોકેટ માર્ગદર્શન મુજબ પોતાના હકક તેમજ ન્યાયકીય રક્ષણ મેળવવાન શુભ હેતુ સાથે આયોજન થયેલ છે.

વાજબી માંગણી-પ્રશ્નો મોકલવા અનુરોધ

રેકડી પાથરણાં ધારકો તેમના જે કોઈ વ્યાજબી પ્રશ્નો કે સૂચનો હોય તો સૌરાષ્ટ્ર રેકડી પાથરણાં એસોસિયેશન, કે-૯ ગોકુલ ચેમ્બર્સ, બીજા માળે, મોચી બજાર કોર્ટ સામે રાજકોટ-૧, મો.૮૬૪૩૮ ૭૮૬૯૨ પર રૂબરૂ અથવા ટપાલથી બે નકલમાં ૧ ઓગસ્ટ ૨૦૨૩ સુધીમાં લેખિતમાં મોકલી આપવા અનુરોધ કરાયો છે.

આવેલા પ્રશ્નો- વ્યાજબી માંગણીઓના અનુસંધાનમાં આગામી દિવસોમાં રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરને રજૂઆત કરી તે પ્રશ્નો હલ કરવા પ્રયાસ કરવામાં આવશે. આજરોજ સૌરાષ્ટ્ર રેકડી એસીસિએશન અને લોક સંસદ વિચાર મંચ રાજકોટના સભ્યોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ચંદુભાઈ સોમાભાઈ કોરડીયા (ફરીયાદી) અને કમલેશભાઈ વલીરામ કરમાણી, સબંધની રૂએ મીત્ર થતા હોઈ અને છેલ્લા ઘણા સમયથી એક બીજાના પરીચયમાં હોય આ આરોપીને ધંધામાં પૈસાની જરૂરીયાત હોય જેથી આરોપીએ ફરીયાદી પાસે સંબંધની રૂએ વગર વ્યાજે આશરે ૨(બે) માસ માટે ધંધામા જરૂરીયાત માટે એટલે કે બે માસ મા પણ પરત ચુકવી આપવાની શરતે રકમ રૂ.૮૪,૦૦૦ અંકે રૂપિયા ચોર્યાસી હજાર પુરાની માગણી કરેલ આથી ફરીયાદીએ આરોપીને રોકડા ચુકવી આપેલ જે રકમ ચુકવેલ તે સબંધની રૂએ હાથ ઉછીની વગર વ્યાજે રકમ આપ્યાની પ્રોમીશરી નોટ આરોપીએ કરી આપેલ હોય અને સદરહું રકમ મુદત પુરી થતા પરત ચુકવવા અંગે ચેક આપેલ. જે ચેક રીટર્ન થતા ફરીયાદી ચંદુભાઈ સોમાભાઈ કોરડીયાએ વકીલ મારફત આરોપીને

એડવોકેટઃ રણજીત બી. મકવાણા

એડવોકેટઃ જીજ્ઞેશ સભાડ

નોટીસ આપેલ અને આરોપી દ્વારા નોટીસનો કોઈજ યોગ્ય જવાબ કે ચેક મુજબની રકમ ચુકવવા દરકાર કરેલ નહી જેથી ફરીયાદીએ વકીલ મારફત અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ, જેમા ફરીયાદીના વકિલ દ્વારા કરવામાં આવેલ રજુ આતો અને વડી અદાલતના ચુકાદાઓને દયાને લઈ કોર્ટે આરોપીના આ ગંભીર ગુના સબબ આરોપી કમલેશભાઈ વલીરામ કરમાણીને ૧ વર્ષની સાદી કેદ તથા ફરીયાદીને રકમ રૂ.૮૪,૦૦૦ નું વળતર એક માસમાં ચુકવવું જો વળતર ન ચુકવે તો વધુ ૬ (છ) માસની જેલની સજા ફટકારતો હુકમ કરેલ છે. આ કેસમાં ફરીયાદી વતી વકીલ તરીકે રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ. સભાડ, કેવીન એમ. ભેડેરી, નરેન્દ્ર બાવળીયા રોકાયેલ હતા.

છરી વડે હુમલો કરવાના ગુન્હામાં પિતા-પુત્ર આગોતરા જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ફરીયાદી સુમિતરાજસિંહ મહેન્દ્રસિંહ પરમાર સાંજના અરસામાં તેમના નાનાભાઈ વિશ્વરાજસિંહે તથા મિત્ર દિવ્યરાજસિંહ જાડેજા તથા ભૂમિન બગથરીયા સાથે બજરંગવાળી સર્કલ પાસે આવેલા બગીચામાં જીનનેસ્ટીકની પ્રેક્ટિસ માટે ગયેલ હતા અને પ્રેક્ટિસ પૂર્ણ કરી બહાર નીકળી તેઓના મોટરસાયકલ પાસે જતા હતા ત્યારે તેમની સામેથી આવતા બે ઈસમો પૈકી એક ઈસમ ફરિયાદીના ભાઈ સાથે ભટકાયેલ અને જોઈને ચાલવાનું કહેતા આ ઇસમ ઉસ્કેરાઈ ગયેલ હતો અને ફરિયાદીના ભાઈ સાથે ઝઘડો કરવા લાગેલ હતો આ દરમિયાન ફરિયાદીએ તેના પિતાજીને બોલાવી લીધેલ હતા તેમજ સામે આરોપી રાહુલ દ્વારા તેના મિત્ર સમીરને કહેતા સમીરે ફોન કરી નદીમ, સાજીદ, અને યાસીનને બોલાવવાનું કહેતા તેઓ પણ આવી ગયેલ હતા અને સાજીદ નામનો આરોપી મોટરસાયકલ લઈ આવેલો અને સીધું ફરિયાદીના ભાઈ સાથે મોટરસાયકલ ભટકાડેલ જેથી ફરિયાદીનો ભાઈ નીચે પડી ગયેલ અને ડાબા કાનની પાછળ ઇજા થયેલ ત્યારબાદ નદીમે પોતાની પાસે રહેલ છરી કાઢી ફરિયાદીને ઘા મારવા લાગેલ જેથી ફરિયાદીને ડાબા હાથમાં બગલના ભાગે એને ડાબા પડખામાં છરીના ઘા લાગેલા જેથી લોહી નીકળતા આરોપીઓ ભાગી ગયેલ હતા અને ત્યારબાદ ૧૦૮ માં ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરેલ હતા જે સબબની વિગતવાર ફરિયાદ ફરિયાદી દ્વારા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલ હતી. જે સબબ આરોપીની ધરપકડ થાય તેવી દહેશત આરોપીને જણાઈ આવતા આરોપી રહીમભાઈ હુસેનભાઈ કુરેશી તથા તેમના પુત્ર યાસીન રહીમભાઈ કુરેશી દ્વારા તેમના વકીલ મારફત રાજકોટની સેસન્સ કોર્ટમા આગોતરા જામીન અરજી કરેલ હતી.

જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલ એડવોકેટએ કરેલ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીને આગોતરા જામીન પર મુકત કરવાનો હુકમ ફરમાવેલ હતો. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રણજીતભાઈ એમ. પટગીર, સાહિસ્તાબેન એસ. ખોખર, દયાબેન કે. છાયાણી, તેમજ આસીસ્ટ તરીકે અમાનખાન પઠાણ રોકાયેલ હતા.

એડવોકેટઃ સાહીસ્તાબેન ખોખર

ધોરાજીના ચિચોડ ગામે ભારે વરસાદના પગલે નબળા પડી ગયેલા તળાવના પાળાને તાત્કાલિક મરામત કરવા સૂચના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

ધોરાજી પંથકમાં ભારે વરસાદને પગલે ચિચોડ ગામમાં આવેલ તળાવ ઓવરફ્લો થઈ ગયું હતું. સતત વધી રહેલી પાણીની આવકના કારણે તળાવનો પાળો નબળો પડી જતાં ગમે તે સમયે પાળો તુટવાની શક્યતા હોવાથી ચિચોડના જાગૃત સરપંચએ ધોરાજી મામલતદાર એમ.જી.જાડેજાને સંભવત આકસ્મિક ઘટના પરત્વે માહિતગાર કર્યા હતા.

સંભવત ઘટનાને ટાળવા માટે ધોરાજી મામલતદાર એમ.જી.જાડેજા તથા ધોરાજી તાલુકા વિકાસ અધિકારી જે.જે.દેસાઈ સ્થળ ઉપર પહોંચી સ્થાનિક લેવલે ખરાઈ કરી હતી. પંચાયત સિંચાઈ પેટા વિભાગ ધોરાજી હસ્તકનાં આ તળાવને તાત્કાલિક મરામત કરવા માટે સંબધિત વિભાગના અધિકારીઓને ટેલિફોનીક જાણ કરી તાત્કાલિક સ્થળ પર બોલાવી સ્થળ નિરીક્ષણ કર્યું હતું. ગંભીરતાને ધ્યાને લઇને સ્થાનિક ગ્રામસભા બોલાવીને પંચાયતમાં ઠરાવ પણ કરાયો હતો. પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા ઉક્ત પાળો સત્વરે રિપેર કરવા તથા તળાવમાંથી પાણીનો અન્ય જગ્યાએ યોગ્ય નિકાલ કરી પરિસ્થિતિ કાબુમાં લાવવાના સફળ પ્રયાસો વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા.

સિનિયર સિટીઝન–થઈ જાઓ ચાલતા,હરતા અને ફરતા

વયોવૃધ્ધોને પણ હાલતા ચાલતા અને ફરતા કરતી વોકહાર્ટ હોસ્પિટલ

હૃદયની કાર્યક્ષમતા ફક્ત ૨૦% હોવા છતા આઈ.સી.યુ.ની આવશ્યકતા વગર થાપાનો સાંધો સફળતાથી બદલતી વોકહાર્ટ હોસ્પિટલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

તાજેતરમાં એક આધેડ વયના પુરૂષ દર્દી કે જેઓ થાનના રહેવાસી છે અને ઘણા લાંબા સમયથી પગના થાપાના સાંધાના દુ:ખાવાની ફરીયાદ સાથે આવેલ.છેલ્લા બે વર્ષમાં દુ:ખાવાની તકલીફ એટલી વધી ગયેલ કે તેઓ લગભગ પથારી વશ થઈ ગયા.

આ દર્દીએ ઘણા મોટા શહેરોના તબીબો પાસે સારવાર લીધી પરંતુ ત્યાંથી ફક્ત દવાઓ અને દર્દ જ સહન કરવાની સલાહ મળતી.કારણ કે દર્દીનું હૃદય ફક્ત ૨૦% જેટલુ જ કાર્ય કરવા સક્ષમ હતુ.આ પ્રકારના દર્દી પર કોઈપણ જાતનુ ઓપરેશન કરવુ ખુબ જ જોખમ કારક સાબીત થઈ શકે તેમ હતું. આ દર્દી અંતે થાકી હારીને વોકહાર્ટ હોસ્પિટલમાં જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડો.ઉમંગ શિહોરાને બતાવવા આવ્યા. ત્યારે ડોકટર દ્વારા તપાસ કરતા દર્દીને **HIP JOIN ARHRITIS** (થાપાના સાંધાનો ઘસારો) છે તેવું નિદાન થયેલ.

આ દુ:ખાવામાંથી મુકિત આપવા માટે ફક્ત ઓપરેશન સીવાય કોઈ બીજો ઉપાય ન હતો. ડો.શિહોરાએ પ્રથમ તો દર્દીને તેમની હૃદયની ક્ષમતા વિશે માહિતી આપવામાં આવી. ત્યારબાદ ઓપરેશનમાં રહેલ જોખમ વિશે વાકેફ કરાવી દર્દી તથા તેમના સગા વ્હાલાની સહમતી લેવામાં આવી.

ડો.શિહોરાએ કાળજીપૂર્વક અને દર્દીની શારીરીક તકલીફોને ધ્યાનમાં રાખીને સંપુર્ણ જોખમની તકેદારી લીધા બાદ ઓપરેશન કરવામાં આવેલ જે સંપુર્ણ સફળ રહ્યુ.

આ સફળ ઓપરેશન બાદ દર્દી તથા તેમના સગા વ્હાલાઓને આશ્ચર્ય એ વાતનુ હતુ કે ઘણા ડોકટરો ઓપરેશન તેમજ નિદાન માટે નિષ્ફળ ગયા હતા, જયારે વોકહાર્ટ હોસ્પિટલ ખાતે તેમનુ જોખમ રહીત અને સફળતાપુર્વક ઓપરેશન કરવામાં આવેલ.

આ પ્રકારના જોખમ સાથે દર્દીની સંપૂર્ણ સારવાર દરમ્યાન એક કલાક માટે પણ આઈ.સી.યુ વિભાગમાં રાખવામાં ફરજ પડી નથી જે દર્દી અને તેમના સગા વ્હાલા માટે આશિર્વાદ રૂપ છે. ઓપરેશન પછીના ૨૪ કલાકમાં દર્દીને વોકર વડે દુ:ખાવા રહીત પોતાના પગ પર ચાલતા કરવામાં આવ્યા અને પછી ૪-૫ દિવસમાં રોજના ૫૦-૧૦૦ મીટર ચલાવી તેમના બધા રિપોર્ટસ સામાન્ય થતા અને સ્વસ્થ થયાની ખાતરી બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હતી.

એક મહિના બાદ દર્દી ફરી તપાસ માટે આવતા માલુમ થયુ કે તેઓ દુખાવા વગર અને કોઈપણ વોકર કે ટેકા વગર પોતાની રીતે ચાલી શકે છે અને રોજીંદા કાર્યો પણ સરળતાથી કરી શકે છે.દર્દીના સગા વ્હાલાઓએ વોકહાર્ટ હોસ્પિટલ,ડો.ઉમંગ શિહોરા અને તેમની ટીમનો હૃદયપૂર્વક આભાર માનેલ છે. તેમ જણાવ્યું છે.

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૬મીએ વડીલો માટે સંગીત સંધ્યાનું આયોજન

શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ અને રાજકોટ BSNL ફેમીલી દ્વારા વડીલો માટે સંગીત સંધ્યા યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

બોલબાલા ટ્રસ્ટ તેની અનેક પ્રવૃત્તીઓથી સૌરાષ્ટ્રભરમાં તેનું આગવું સ્થાન ધરાવે છે. એ પ્રવૃત્તીઓ પૈકી એક એવી પ્રવૃતી કે જેમાં વડિલોને આનંદ પ્રમોદ સાથે મનોરંજન પણ મળે અને તેમની નિવૃત્ત જીવન આનાથી પસાર કરે આ માટે ટ્રસ્ટ સતત પ્રયત્ન કરતું રહે છે. જેમાં સંગીત સંધ્યા જેવા કાર્યક્રમો યોજી જૂના ફિલ્મી ગીતોથી તેમને પુરાની યાદમાં ગયા હતા.

આવા સમયે બોલબાલા ટ્રસ્ટ અને રાજકોટ **BSNL** ફેમીલી દ્વારા તાજેતરમાં જ વડીલોને રાજી કરવા માટે એક કાર્યક્રમ અરવિંદભાઈ મણિયાર હોલ યોજાયો હતો. જેમાં એન્કર ઉદય વિસાણી, સિંગર સંજય ઝાલા, અમિત કટેશીયા, જીજ્ઞેશ રાજપરા, નિરવ વાઘેલા. સુભાષ ઝાલા, કિરણબેન ઝાલા, કુલદીપ ગઢવી, અમૃત ટુંડિયા, વગેરે એ પોતાના સંગીતના સુરો રેલાવી સર્વને આનંદિત કર્યા હતા. જેમાં ૭૦૦થી વધુ વડીલો વરસતા વરસાદે ઉપસ્થિત હતા.

મુખ્ય મહેમાનમાં યોગેશકુમાર ભાસ્કર જનરલ મેનેજર **BSNL** રાજકોટ, કિશોર પરમાર **DGM (FINANCE) BSNL** રાજકોટ, જયુભા જાડેજા વાંકાનેર, મહેબુબભાઈ બેલીમ- વાંકાનેર, હકાભાઈ ચૌહાણ, ઈલાબેન પડીયા, રાજીવ ગર્ગ **DGM BSNL** રાજકોટ, અરવિંદ પરમાર **DGM BSNL** રાજકોટ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેમનું બોલબાલા ટ્રસ્ટ વતી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આગામી રવિવારે તા.૧૬/૭/૨૩ બપોરે ૩ કલાકે મણિયાર હોલ, જયુબેલી બાગ ખાતે સંગીત સંધ્યાનું આયોજન કરેલ છે. જે અલ્પેશ ડોડીયા, રીટા ડોડીયા, હીના કોટડીયા, મનીપ પેઢાપટીયા, ચંદ્રેશ તેરૈયા, મયુર કોટક, એન્કર મેહુલભાઈ રવાણી સેવા આપશે. અને એકથી એક ચડે તેવા ગીતોની રજૂઆત કરશે તેમજ આગામી પુરૂષોતમ માસ શ્રાવણ માસ આયોજન અંગે વિશેષ પ્રવાસ તેમજ કાયક્રમોની જાહેરાત કરાશે. એ સિવાય તા. ૧/૧૦/૨૩ **BSNL** ખાતે વિશાળ આયોજન સંગીત, વિઝીટ, અલ્પાહાર સાથે મેડીકલ રકતદાન કેપ, ઘરદિવડા સનમાન કાર્યક્રમ યોજાશે તેવી જાહેરાત યોગેશકુમાર ભાસ્કર જનરલ મેનેજર અને બોલબાલાના ટ્રસ્ટી જયેશ ઉપાધ્યાયે કરી હતી. તેમ જણાવ્યું છે.

રાજકોટ ગેસ્ફોર્ડ ચેસ કલબ દ્વારા

સ્વ. દિપકભાઈ જાનીને શ્રદ્ધાંજલી રૂપે ૧૬મીએ ઓપન સૌરાષ્ટ્ર ચેસ ટુર્નામેન્ટ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત જ નહીં ભારતભરમાં જે ચેસ કલબનું આગવું સ્થાન છે.

તે ગેસ્ફોર્ડ ચેસ કલબ રાજકોટ દ્વારા સ્વર્ગસ્થ દિપકભાઈ જાનીની યાદમાં આગામી તા.૧૬/૭ ને રવિવારે ઓપન સૌરાષ્ટ્ર કચ્છ ચેસ ટુર્નામેન્ટનું આયોજન રાજકુવરબા લેડીસ કલબ, ગેસ્ફોર્ડ સીનેમા પાસે, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટ સ્વીસલીગ પધ્ધતિથી રમાડવામાં આવશે. દરેક સ્પર્ધકે પોતાનું ચેસ બોર્ડ ફરજીયાત અને ચેસ કલોક જો હોય તો સાથે લાવવાની રહેશે. આ ટુર્નામેન્ટમાં વિજેતા પ્રથમ ૧૦ ખેલાડીઓને શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવશે અને ભાગ લેનાર ખેલાડીઓને ગેસ્ફોર્ડ ચેસ કલબ તરફથી બપોરનું ભોજન આપવામાં આવશે. સવારે ૮:૩૦ કલાકે રીપોર્ટીંગ કરવાનું રહેશે. ૯ કલાકે આ ટુર્નામેન્ટ શરૂ કરવામાં આવશે. વહેલા તે પહેલાને ધોરણે ફક્ત ૧૦૦ એન્ટ્રી જ નોંધવામાં આવશે.

આ ટુર્નામેન્ટની વધારે વિગત માટે કિશોરસિંહ જેઠવા-૯૯૨૫૨ ૪૮૨૫૧, જય ડોડીયા-૯૨૭૬૮ ૩૫૧૧૪ વોટસએપ પર એન્ટ્રી મોકલી આપવા અનુરોધ કરાયો છે.

આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે કલબના પ્રમુખ વિશાલ સોલંકી, સેક્રેટરી કિશોરસિંહ જેઠવા, ખજાનચી જય ડોડીયા ઉપરાંત હેમાંગ જાની, વલ્લભભાઈ પીપળીયા, હર્ષદભાઈ ડોડીયા, મનીષ પરમાર, મહેશ ચૌહાણ, ભાવેશ કાલરીયા, હર્ષીલભાઈ શાહ, દેવાંગ વ્યાસ, વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. તેમ જણાવ્યું છે.

રાજય સરકારે વકિલોના વેલફેર ફંડમાં રૂ.૫ કરોડનો ચેક અર્પણ કરતા રાજકોટ ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશનએ માન્યો આભાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમરેલી, તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા બજેટમાં વકિલોના વેલફેર અને લાઇબ્રેરી વિગેરે માટે રકમ ફાળવવાની શરૂઆત જે તે સમયનાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ વકિલોની ચિંતા શરૂ કરી હતી.

જેને કોવિડનો સમય આવતા અને લોકડાઉન થતાં વકિલોને થતી આર્થિક મુશ્કેલી નિવારવા ડિસ્ટ્રીકટ બાર એસોસિયેશન, રાજકોટે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ અને તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજુઆત કરી હતી તે સમયે પ્રદેશ ભાજપાના કાયદો અને વિધિ સેલના કન્વિનર જે. જે. પટેલ અને સહ કન્વિનર દિલિપભાઇ પટેલને પણ રજુઆત કરેલ હતી.

તે સમયે તત્કાલિન મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સૌ પ્રથમ રૂપિયા પાંચ કરોડ અને ત્યારબાદ ફરી વકિલોને કોવિડની માંદગી સહાય માટે રૂ.પાંચ કરોડની સહાય કરેલ હતી. ત્યારબાદ ફરી બજેટનો સમય આવતા ડિસ્ટ્રીકટ બાર એસોસિએશન, રાજકોટ દ્વારા કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રજુઆત કરતા તેઓએ વકિલોની ચિંતા કરવાનો આ સીલસીલો આગળ ધપાવી વધુ પાંચ કરોડ સને ૨૦૨૧ના બજેટમાં અને સને ૨૦૨૨ના બજેટમાં વકિલોના વેલફેર અને કલ્યાણ માટે વધુ પાંચ કરોડ ફાળવેલા હતા.

જે ૫ કરોડ રૂપિયા બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના વેલફેર ફંડમાં ફાળવવામાં આવેલ તેનો ચેક મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા જે.જે. પટેલ, કન્વિનર, વિધી અને કાયદો વિભાગ અને સમરસ ગૃપ, ગુજરાત પ્રદેશ ભાજપા તેમજ સમરસ ગૃપના સૌ સભ્યો બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન નલીનભાઇ પટેલ, શિસ્ત સમિતિના ચેરમેન અનિલ કેલ્લા, દીપેનભાઇ દવે, દિલિપભાઇ પટેલ વિગેરેને સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકાર દ્વારા વકિલોના વેલફેર માટે ગત બજેટમાં પાંચ કરોડ રૂપિયા ફાળવવા અને તેનો ચેક બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને અર્પણ કરવા બદલ વડાપ્રધાન મોદી, કેન્દ્રિય ગૃહ પ્રધાન શાહ, મુખ્યમંત્રી પટેલ, પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી, કાયદા મંત્રી રૂષિકેશ પટેલ, પૂર્વ કાયદામંત્રી ત્રિવેદી અને સમરસ ગૃપના જે.જે. પટેલ, નલીનભાઇ પટેલ, અનિલભાઈ કેલ્લા, દિલિપભાઇ પટેલ, દીપેનભાઇ દવે તથા સમરસ ગૃપના તમામ સભ્યોનો ડિસ્ટ્રીકટ બાર એસોસિએશન, રાજકોટના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, ઉપ પ્રમુખ જયેશ બોઘરા, નયન વ્યાસ, સેક્રેટરી દિલિપભાઇ જોષી, નયનાબેન ચૌહાણ, જો. સેક્રેટરી જતીન ઠકકર, ટ્રેઝરર દિવ્યેશ છગ, હિરેન રૈયાણી, લાઇબ્રેરી સેક્રેટરી નિવિદ પારેખ, જીતેન્દ્રસિંહ પરમાર, કારોબારી સભ્યો હર્ષદ બારૈયા, વિરેન રાણીંગા, શૈલેષ સુચક, બિનલબેન મહેતા, વિમલ ડાંગર, લક્ષ્મીબેન જાદવ, પ્રતિક વ્યાસ, મૌલિક જોષી, પ્રગતિબેન માકડિયાએ આભાર માન્યો છે. તેમ જણાવ્યું છે.

માંડવી કચ્છના શ્રી ભૃગુ આશ્રમ ધ્રબુડી ખાતે ૨૬મી જુલાઈથી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

પુ. નારાયણનંદ સરસ્વતી સ્વામીજી સ્મૃતિમાં ભાગવત કથાનું આયોજન : ૧લી ઓગસ્ટે પૂર્ણાહૂતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાણશીભાઈ જેઠાભાઈ મૌવરના મુખ્ય યજમાન પદે આગામી ૨૬મી જુલાઈથી ૧ લી ઓગસ્ટ દરમિયાન માંડવી કચ્છના શ્રી ભૃગુ આશ્રમ ધ્રબુડી ખાતે, પુ. નારાયણનંદ સરસ્વતી સ્વામીજી સ્મૃતિમાં ભવ્ય શ્રીમદ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૬ ના રોજ સવારે ૯ વાગ્યે શ્રી ચપલેશ્વર મહાદેવ મંદિર, માંડવીથી વલસરા રાવળપીર દાદા થઈને ધ્રબુડી ખાતે પોથીયાત્રા પહોચશે. તે જ દિવસે સવારે ૧૦ વાગ્યે અખિલ ભારતીય સંત સમિતિના ઉપાધ્યક્ષ શ્રી મહંત ૧૦૦૮ શ્યામભારતી બાપુના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ થશે. આ તકે અખિલ કચ્છ ચારણ સમાજના પ્રમુખ વિજયભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહેશે.

તા. ૨૯ ના રોજ કથા સ્થળે સાંજે ૫ વાગ્યે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાશે. તા. ૨.૮.૨૦૨૩ના રોજ શ્રી નારાયણ યજ્ઞનું આયોજન કરાયું છે. કથા દરમિયાન રોજ બપોરે મહાપ્રસાદની વ્યવસ્થા રખાઈ છે. મોટા ભાડિયા કચ્છના શ્રી ભીમસેન શાસ્ત્રી કથાના વ્યાસાસને બીરાજીને કથાનું રસપાન કરાવશે. તેમની સાથે મોહનભાઈ ગઢવી-બેન્જોવાદક, ચંદુભાઈ ડાભી-તબલાનાં માણીગર, તેમજ સાગરદાન ગઢવી - સુરભી સાઉન્ડના સથવારે કથાને સંગીતમય બનાવાશે.

દરરોજ સવારે ૯થી ૧૨ અને બપોરે ૩ થી ૬ દરમિયાન યોજાનાર

શ્રીમદ ભાગવત કથાનું શ્રાવણ કરવા કથાના મુખ્ય યજમાન રાણશીભાઈ જેઠાભાઈ મૌવર દ્વારા ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરાયો છે.

વાડી વિસ્તારમાં એમ્બ્યુલન્સ જઈ શકે તેમ ન હોવા છતાં પણ

અમરેલીની ૧૦૮ ની ટીમે મધ્યરાત્રિએ વાડી વિસ્તારમાં સગર્ભાની કરી મદદ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૧૨

અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના શેડુભાર ગામની વાડી વિસ્તારમાં મજૂરી કરતા પરપ્રાંતિય પરિવારના રેખાબેનને મધ્ય રાત્રિએ પ્રસૂતિની અસહ્ય પીડા ઉપડતાં આશાવર્કર બેન દ્વારા ૧૦૮ ઇમરજન્સીને મદદ માટે કોલ કરેલ. અમરેલી સીટી ૧૦૮ એમ્બ્યુલન્સ ચાલુ વરસાદ વચ્ચે શેડુભાર ગામ જવા રવાના થઈ હતી. વાડી વિસ્તારમાં એમ્બ્યુલન્સ જઇ શકે તેમ ન હોવાથી ઈ.એમ.ટી. સાગર મકવાણા તથા પાઈલોટ યોગેશભાઈ વૈધ જરૂરી મેડિકલ સાધનો લઈ સ્થળ પર પહોંચી દર્દીની તપાસ કરતા દર્દીને અસહ્ય

પ્રસૂતિનોદુ:ખાવો હોવાથી તથા બાળકનું માથું બહાર આવી ગયું હોવાથી સ્થળ પર જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી. ચાલુ વરસાદ વચ્ચે મધ્ય રાત્રિએ અમરેલી ૧૦૮ ના સ્ટાફ ઈ.એમ.ટી. સાગર મકવાણા અને પાયલોટ યોગેશભાઈ વૈધે સ્થળ પર જ ડિલિવરી કરાવી હતી. ડિલિવરી સમયે બાળકના ગળામાં નાળ વિટળાય ગયેલ હોવાથી બાળક રડયું ન હોય તાત્કાલીક અમદાવાદ ઓફિસમાં રહેલા ડોકટરની સલાહ પ્રમાણે બેબી કેર, ઓકિસજન આપી બાળકનો જીવ બચાવેલ અને માતા બાળકને સારવાર સાથે અમરેલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમના સગા સંબંધીઓએ ૧૦૮ ના કર્મચારીનો આભાર માન્યો હતો. તથા ૧૦૮ ઇમરજન્સી પ્રોગ્રામ મેનેજર દિલીપ સોલંકી અને જિલ્લા અધિકારી યુવરાજસિંહ ઝાલા દ્વારા પણ સારી કામગીરી કરવા બદલ અમરેલી ૧૦૮ના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

અવસાન નોંધ

રાજકોટ: મોઢ વણિક મોરબી નિવાસી (હાલ રાજકોટ) બિપીનભાઈ મગનલાલ ગાંધી તે સ્વ.મગનલાલ દલિચંદ ગાંધીના પુત્ર, ગીતાબેનના પતિ, ચિરાગ, હર્ષિલ અને હેમાલીબેન વ્યાસના પિતા, તેમજ અનિલભાઈ વ્યાસના સસરા અને રાણપુર નિવાસી વાડીલાલ મોહનલાલ મહેતાના જમાઈનું અવસાન થયું છે.

સ્વ: નરસીદાસ મેઘજીભાઈ નિર્મળ ધણફુલીયા વાળાનું તા.૯/૭/૨૦૨૩ ને રવિવાર ના રોજ અવસાન થયેલ છે. હસમુખભાઈ નિર્મળ, વિજયભાઈનિર્મળ, ચંદાબેન આડતિયા તથા રેખાબેન તન્નાના પિતાનું અવસાન થયેલ છે. તેમનું બેસણું/ ઉઠમણું તા.૧૩/૭/૨૦૨૩ ને ગુરૂવારના રોજ પંચનાથ મહાદેવ મંદિર લીમડા ચોક મંદિરે રાખેલ છે. સસરા પક્ષની સાદડી સાથે રાખેલ છે. લક્ષ્મીદાસ લાલજીભાઈ કોટેચાના જમાઈ.

હસમુખભાઈ: ૯૯૦૯૨૮૦૯૨૧, વિજયભાઈ: ૯૮૭૯૩૦૭૭૪૫

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

જસદણ મામલતદારે તાલુકાના પાંચવડામાં સરકારી શાળામાં મધ્યાહન ભોજન લીધું

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

જસદણ મામલતદારે તાલુકાના પાંચવડા ગામની મુલાકાત લઈને સરકારી પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનની ગુણવતાની ચકાસણી કરી ગામમાં લોકકલ્યાણની કામગીરીની સમીક્ષા કરી હતી. જસદણ તાલુકાના મામલતદાર સંજયસિંહ જે.અસવારે તાલુકાના પાંચવાડા ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી,જયાં તેમણે તપાસણી કરી બાળકો સાથે મધ્યાહન ભોજન લીધું હતું. આ તકે શાળાના આચાર્ય અને ગામના આગેવાનો પણ તેમની સાથે જોડાયા હતા.

મામલતદારએ બાલવાટિકાના બાળકો સાથે સંવાદ કરી અભ્યાસના પ્રારંભિક દિવસોમાં બાળકોની પરિસ્થિતિ અને શાળામાં તેમને મળતી સુવિધાઓ વગેરે અંગે સમીક્ષા કરી હતી. ગામની વિચરતી વિમુક્ત જાતિને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત પ્લોટ ફાળવવા બાબતે મામલતદારએ સ્થળ મુલાકાત કરી, લોકોને કાયમી નિવાસ મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતનો મળનાર સુવિધાઓથી માહિતગાર કર્યા હતા.

નરેશ પટેલનો જન્મદિવસ બન્યો સેવાનો મહોત્સવ

૫૮મા જન્મદિવસે દેશભરમાં ૭૦ જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

વર્ષોથી પોતાના જન્મદિવસને સમાજ સેવામાં સમર્પિત કરીને જરૂરિયાતમંદોને ઉપયોગી બનવાની નેમ સાથે ઉજવણી કરનાર એવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા અને જેમની ૨૨૦થી વધુ વખત રક્તતુલા થઈ છે તેવા નરેશ પટેલનો જન્મદિવસ અવિસ્મરણીય અને યાદગાર બન્યો હતો.

અનેક સ્થળે વૃક્ષારોપણ, વૃદ્ધા આશ્રમમાં ભોજન, દર્દીઓને ફુટ વિતરણ, ચોપડા વિતરણ, પક્ષીઓના માળાનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના સેવાકાર્યો કરવામાં આવ્યા

૧૧ જુલાઈ ને મંગળવારના રોજ પોતાના ૫૮ વર્ષ પૂર્ણ કરીને ૫૯મા વર્ષમાં મંગળ પ્રવેશ કરનાર નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં અને રાજ્ય બહાર ઠેર ઠેર બ્લડ ડોનેશન કેમ્પ, વૃક્ષારોપણ, વૃદ્ધોને ભોજન, દર્દીઓને ફુટ વિતરણ, ચોપડા વિતરણ, પક્ષીઓના માળાનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના સેવાકાર્યો કરીને ઉજવવામાં આવ્યો હતો.

પોતાના જન્મદિવસે સેવાકાર્યોની સુવાસ ફેલાવવા બદલ નરેશભાઈ પટેલે ઝુમ મિટીંગથી તમામ આયોજકો સાથે જોડાઈને તમામ રક્તદાતાઓ અને શ્રી ખોડલધામ સમિતિઓના કન્વીનરો અને કાર્યકરોનો આભાર વ્યક્ત કર્યો હતો.

જન્મદિવસ નિમિત્તે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને સદ્જ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા રાજકોટ શહેર અને જિલ્લા ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, ભાવનગર, અમરેલી, ભરૂચ, મહીસાગર, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, પંચમહાલ, મહેસાણા, પોરબંદર, મોરબી, વલસાડ, નવસારી, ખેડા, નર્મદા સહિતના જિલ્લામાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. સાથે જ પ્રથમ વખત રાજ્ય બહાર મધ્યપ્રદેશના ઝરખેડામાં અને ચેન્નાઈમાં પણ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતું.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં હજારો રક્તદાતાઓએ રક્તદાન કરતાં ૭૫૦૦થી વધુ યુનિટ બ્લડ એકત્ર થયું હતું. તમામ રક્ત વિવિધ બ્લડ બેંકમાં જમા કરાવવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું છે.

વૃક્ષારોપણ સહીત અનેકવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા

આ દિવસે અનેક સ્થળે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકૃતિની જાળવણીના શુભ આશય સાથે હજારો વૃક્ષોનું વાવેતર કરી તેના યોગ્ય ઉછેર માટેનો સંકલ્પ પણ લેવામાં આવ્યો હતો. વૃદ્ધા આશ્રમમાં ભોજન, દર્દીઓને ફુટ વિતરણ, ચોપડા વિતરણ, પક્ષીઓના માળાનું વિતરણ, રાશનકીટ વિતરણ સહિતના સેવાકાર્યો કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ખોડલધામના કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

જસદણ કોર્ટ દ્વારા વર્લ્ડ પોપ્યુલેશન ડે અંગેનો સેમીનાર યોજાયો

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

જસદણ ન્યાયાલય દ્વારા તાલુકા લીગલ સર્વિસ કમિટીના ચેરમેન અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડી.ચીફ. જ્યુડી.મેજિસ્ટ્રેટ કે.એન.દવે અને એડિશનલ સિવિલ જજ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી.એ. ઠક્કરના માર્ગદર્શનથી 'વર્લ્ડ પોપ્યુલેશન ડે' ના અનુસંધાને તેમજ કાયદાકીય માહિતી અને માર્ગદર્શન જસદણ શહેરની ખ્યાતનામ જ્ઞાનદીપ હોસ્ટેલના વિદ્યાર્થીઓને જસદણ ન્યાયાલયના લીગલ વિભાગના પેનલ એડવોકેટ પ્રકાશ પ્રજાપતી તેમજ લીગલ વિભાગના સેક્રેટરી જે.એન.સોયા દ્વારા આપવામાં આવેલ અને વિદ્યાર્થીઓએ પુછેલ પ્રશ્નોનું પણ નિરાકરણ લાવી વિશેષ માહિતી-માર્ગદર્શન આપવામાં આવેલ તેવું જસદણના યુવા એડવોકેટ પ્રકાશ પ્રજાપતીએ તેમની યાદીમાં જણાવેલ છે.

૧૭ જુલાઈથી એચ.જી.વી.GJ-03-BY અને GJ-03-BZ સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરનું ઓનલાઈન રી-ઓકશન થશે

પસંદગીના નંબર મેળવવા તા.૧૭ થી ૧૯ દરમિયાન ઓનલાઈન અરજી કરવા તંત્રની તાકિદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા એચ.જી.વી. પ્રકારના વાહનો માટે **GJ-03-BY** અને **GJ-03-BZ** સિરીઝનું ઓનલાઇન ઓક્શન તા.૧૭ જુલાઇ થી શરૂ કરવામાં આવનાર હોવાથી ગોલ્ડન-સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે ઇચ્છુક વાહનમાલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરી **http://parivahan.gov.in/fancy** પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી રી-ઓક્શનમાં ભાગ લઈ શકશે.

નવી સીરિઝના ગોલ્ડન, સીલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે તા.૧૭-૭ થી ૧૯-૭ ઓનલાઇન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા ૧૯-૭ થી ૨૧-૭ ના સાંજે ૪ કલાક સુધી ઓનલાઇન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા ૨૨-૭ ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે. અરજદારોએ ઓનલાઈન એપ્લિકેશન કરવા માટે **parivahan.gov.in** વેબસાઇટ પર જઈ ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરવું. ત્યાર બાદ **fancy number booking** પર ક્લિક કરીને પબ્લિક યુઝર પર આઈ.ડી. બનાવવાનું રહેશે. અને સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ તેમાં પસંદગીનો નંબર સિલેક્ટ કરી ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ હરરાજીમાં ભાગ લઈ શકાશે.

ત્યાર બાદ પાંચ દિવસમાં હરરાજીની બાકીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. માંથી એપ્રુવલ લઈ નંબર મેળવી વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

યુવાસેના ટ્રસ્ટ દ્વારા વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડાનું કરાયું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ દ્વારા શહેરમાં અનેકવિધ સેવાકીય પ્રવુત્તિઓ કરવામાં આવે છે. પ્રતિવર્ષ શહેરની અલગ અલગ શાળાઓમાં ફૂલસ્કેપ ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. તેવી જ રીતે આ વર્ષ પણ ૩ હજાર જેટલા ચોપડાનું વિતરણ કરી દેવાયું છે. શાળા નંબર ૧૧, સ્પેશિયાલ હોમ ફોર બોયઝ તેમજ આદર્શ નિવાસી શાળા અને ઘરે ઘરે પણ ચોપડાનું વિતરણ કરાયું છે.

દાતાઓના સહયોગથી થઇ રહેલા ચોપડા વિતરણમાં ઉપરોક્ત શાળાના પ્રિન્સીપાલ અને શિક્ષકો તેમજ નિવૃત શિક્ષિકા આશાબેન ગોસલીયાનો વિશેષ સહયોગ મળ્યો હોવાનું સંસ્થાના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલાએ જણાવ્યું હતું.

રાજ્યમાં મહિલા સંચાલિત ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથોને છેલ્લા ૩ માસમાં અપાયું ૩૫૦ કરોડનું ધિરાણ

ગુજરાત રાજ્યમાં ૩.૧૧ લાખ સ્વસહાય જૂથો ૪૦૧.૧૫ કરોડ રૂપિયાનું બચત ભંડોળ ધરાવે છે

દેશનાં વિકાસમાં મહિલાઓ મહત્ત્વનો ફાળો આપી રહી છે ત્યારે દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ મહિલા ઉત્કર્ષ ક્ષેત્રે પરિણામલક્ષી કામગીરી થઈ રહી છે. આ દેશની નારીને આત્મનિર્ભર બનાવીને તેના થકી પરિવાર અને દેશની ઉન્નતિની સંકલ્પનાને સાર્થક કરવા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન **(NRLM)** હેઠળ સ્વ-સહાય જૂથોની પ્રવૃત્તિઓને વેગ અપાઈ રહ્યો છે. જે અંતર્ગત આ જૂથો સાથે જરૂરિયાતમંદ મહિલાઓને જોડવામાં આવે છે. જૂથમાં જોડાયા પછી મહિલાઓ સ્વરોજગારી માટે બેંકમાંથી આવશ્યક ધિરાણ મેળવી શકે છે. આમ આજીવિકાનો આધાર મજબૂત કરીને મહિલાઓ સ્વમાન સાથે સ્વાવલંબી જીવન જીવી શકે છે. રાજ્યમાં છેલ્લા ત્રિમાસિક ગાળામાં મહિલા સંચાલિત ૨૫ હજારથી વધુ સ્વસહાય જૂથો વિવિધ બેન્કોમાંથી ૩૫૦ કરોડનું ધિરાણ મેળવીને નારી સશક્તિકરણનું કાર્ય આગળ વધારી રહ્યા છે.

સ્ટેટ લેવલ બેન્કિંગ કમિટીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી લઈને ૩૦ જૂન, ૨૦૨૩ સુધીમાં ગુજરાત રાજ્યમાં આશરે ૩,૧૧,૧૦૬ સ્વસહાય જૂથ (સેલ્ફ હેલ્પ ગ્રૂપ)ના ૩૦,૧૮,૩૫૪ સભ્યો વિવિધ બેન્કોમાં નોંધાયેલા છે. આ જૂથોના ખાતાઓમાં ૪૦૧.૧૫ કરોડ રૂપિયાનું બચત ભંડોળ જમા થયેલું છે. આમાંથી માત્ર મહિલા સંચાલિત હોય તેવા ૨,૮૦,૧૭૮ સ્વસહાય જૂથ છે. જેમાં ૨૭,૫૩,૭૭૧ સભ્યો નોંધાયેલા છે. જેમના ખાતામાં ૩૨૮.૭૨ કરોડ જેવું માતબર ભંડોળ એકત્રિત થયેલું છે.

ચાલુ નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં, ૨૯,૬૦૨ સ્વસહાય જૂથને વિવિધ રાષ્ટ્રીયકૃત, સહકારી, પ્રાદેશિક ગ્રામીણ બેન્ક, ખાનગી તેમજ સ્મોલ ફાઇનાન્સ બેન્કો મળીને કુલ ૨૨ બેન્કો મારફત ૩૯૩.૨૧ કરોડની લોન આપવામાં આવી છે. જેમાંથી ૨૨,૬૩૨ જૂથ નવા હતા, જેમને ૩૦૫.૩૫ કરોડની લોન આપવામાં આવેલી છે. આ સ્વસહાય જૂથોમાંથી ૨૫,૭૯૨ જૂથ માત્ર મહિલા સંચાલિત છે. જેમને ૩૫૦.૮૨ કરોડની લોન આપવામાં આવેલી છે. જેમાંથી ૧૯,૫૫૩ ગ્રુપ નવા છે, જેમને ૨૭૦.૯૨ કરોડની લોન આપવામાં આવેલી છે.

નોંધનીય છે કે, સ્વ-સહાય જૂથો **(SHGs)** દેશની વિકાસ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ એક અનૌપચારિક જૂથ છે, જેમાં લોકોનું જૂથ સાથે મળીને તેમની સમસ્યાઓ હલ કરવા માટે કામ કરે છે. આ સિવાય સ્વ-સહાય જૂથો પરિસ્થિતિ અને જરૂરિયાતને આધારે ઘણાં વિવિધ હેતુઓ માટે પણ કામ કરે છે.

ખાસ લેખ: સંદીપ કાનાણી, ભાવિકા લિંબાસિયા

શું છે સ્વસહાય જૂથ?

સ્વ સહાય જૂથ એટલે કે સેલ્ફ હેલ્પ ગ્રુપ **(SHGs)** એ સામાન્ય-ગરીબ-જરૂરિયાતમંદ લોકોનો નાનો સમૂહ છે. આ જૂથમાં મોટાભાગના સભ્યો એકસરખી સમસ્યાઓ ધરાવતા હોય છે, જેઓ એકબીજાને મદદ કરે છે એટલે કે સમસ્યાઓ ઉકેલે છે. એસ.એચ.જી. તેમના સભ્યોને નાની બચત માટે પ્રેરિત કરે છે અને આ બચત એસ.એચ.જી.ના નામે સામાન્ય ફંડ રૂપે બેંકમાં જમા કરવામાં આવે છે. જ્યારે કોઈ સભ્યને પૈસાની જરૂર હોય ત્યારે જૂથ પોતાના સભ્યોને તેમના સામાન્ય ભંડોળમાંથી નાની લોનના રૂપમાં ભંડોળ પૂરું પાડે છે. સામાન્ય રીતે આ જૂથોમાં સભ્યોની સંખ્યા ૧૦થી ૨૦ સુધીની હોય છે.

મધ્યમ વર્ગ અને ગરીબી રેખા નીચે જીવતા લોકોને આત્મનિર્ભર બનાવવામાં સ્વ-સહાય જૂથોનો મહત્વનો ફાળો છે. એસ.એચ.જી. જૂથના સભ્યોને તેમની આવક વધારવા, તેમના જીવનધોરણ અને સમાજમાં સ્થિતિ સુધારવા માટે સક્ષમ બનાવે છે. તે સમાજના આ વર્ગને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે પ્રેરકબળ તરીકે કામ કરે છે.

લોકમેળામાં વિવિધ પ્લોટ/રાઈડ્સની ડ્રો અને હરાજીના ફોર્મ ભરવા માટે ૧૪ જૂલાઈ છેલ્લો દિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨: રેસકોર્ષ મેદાન ખાતે તા.૫ થી ૯ સપ્ટેમ્બર જન્માષ્ટમી લોકમેળો યોજાનાર છે. જે અંતર્ગત લોકમેળામાં યાંત્રિક રાઈડ્સ, ખાણીપીણી, રમકડાં, આઈસ્ક્રીમ વગેરે જેવી વિવિધ કેટેગરીના કુલ ૩૫૫ જેટલા પ્લોટ માટે ડ્રો/હરાજી થનાર છે.

વિવિધ કેટેગરીમાં કુલ ૨૬૯ ફોર્મ ભરાયા

જે માટે રાજકોટ શહેરમાં ડેપ્યુટી કલેક્ટર અને પ્રાંત અધિકારી શહેર-૧, જૂની કલેક્ટર કચેરી કંપાઉન્ડ ખાતેથી તથા ઈન્ડીયન બેંક, ત્રિકોણ બાગ ખાતેથી તા.૩ જૂલાઈના રોજથી લોકમેળા માટેના ફોર્મનું વિતરણ થઈ રહ્યું છે. જે અન્વયે અત્યારસુધીમાં વિવિધ કેટેગરીના કુલ ૨૬૯ ફોર્મ ભરાયા છે. ત્યારે હજુ ફોર્મ ભરવાને ત્રણ દિવસની વાર છે. ફોર્મ ભરવા માટેનો છેલ્લો દિવસ ૧૪ જુલાઈ હોવાથી રસ ધરાવતા લોકોને લોકમેળામાં વિવિધ કેટેગરીમાં ફોર્મ ભરવા તંત્રનો અનુરોધ છે.

ઉપલેટા તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા

રૂ. ૮૨૫૦ લાખના રોડ રસ્તા, બ્રીજના કામો થશે

રૂ. ૨૬૦૦ લાખના કામોની મંજુરી: રૂ. ૫૬૫૦ લાખના કામોની સરકારમાં દરખાસ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧૨

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૮૨૫૦ લાખના રોડ રસ્તાના વિકાસ કામો કરાશે. જે પૈકી રૂ. ૨૬૦૦ લાખના કામોની મંજુરી અને રૂ. ૫૬૫૦ લાખના કામોની સરકારમાં દરખાસ્ત કરાઈ છે તેમ આ વિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું છે.

ઉપલેટા તાલુકામાં રૂ.૨૦૫૦ લાખના ખર્ચે ખારચીયા-ઢાંક-મેરવદર-અમરપર રોડનું કામ સરકારમાં દરખાસ્ત અને રૂ. ૨૬૦૦ લાખના ખર્ચે ઉપલેટા-પાટણવાવ રોડ ખાતે મેજર બ્રીજનું કામ મંજુર થયું છે. ઉપલેટા તાલુકામાં રૂ.૨૦૦ લાખના ખર્ચે જામકંડોરણા-ખજુરડા-ટીંબડી-અરણી-ભયાવાદર-ખારચીયા રોડનું કામ, રૂ.૧૪૦૦ લાખના ખર્ચે સમઢીયાળા - તલગણા-કુંઢેચ-લાથ-ભીમોરા રોડનું રીસરફેસિંગ અને સ્ટ્રક્ચરની કામગીરી, રૂ.૫૫૦ લાખના ખર્ચે સમઢીયાળા - તલગણા લાઠ ભીમોરા રોડ ખાતે બ્રીજનું કામ, રૂ.૧૩૦૦ લાખના ખર્ચે ઉપલેટા-ખાખીજાળીયા-ભાયાવદર-અરણી-ખીરસરા-ચિત્રાવડ-દાદર રોડનું કામ, રૂ.૧૫૦ લાખના ખર્ચે મોટીપનેલી-માંડાસણ રોડના કામ માટે સરકારમાં દરખાસ્ત થઈ છે.

વીરનગરની શિવાનંદ મિશન હોસ્પિટલ દ્વારા

સમગ્ર સૌરાષ્ટ્રમાં આંખના મોતિયાનાં કેમ્પ યોજાશે

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

આંખની હોસ્પિટલ તરીકે પ્રખ્યાત શિવાનંદ મિશન સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલ વીરનગર દ્વારા સૌરાષ્ટ્રના વિવિધ સ્થળે આંખની તપાસ તેમજ મોતિયાનાં ઓપરેશન માટેના વિનામૂલ્યે કેમ્પ યોજાશે.તારીખ ૧૩-૭ ના રોજ લાયન્સ સ્કૂલ માણાવદર ખાતે, તારીખ ૧૪-૭ ના રામકૃષ્ણ આશ્રમ પોરબંદર ખાતે, તા. ૧૫-૭ ના બ્લડ બેન્ક વેરાવળ ખાતે તા.૧૬-૭ ના ખોડીયાર ગરબી ચોક કાલાવડ ખાતે, તા. ૧૮-૭ ના સ્વામિનારાયણ મંદિર ઉના ખાતે, તા. ૧૯-૭ ના શ્રીબાઇ આશ્રમ તલાલા ગીર ખાતે, તા.૨૧-૭ ના રોટરી કોમ્યુનિટી હોલ ભાયાવદર ખાતે, તા.૨૨-૭ ના ગાયત્રી મંદિર જુનાગઢ ખાતે, તા. ૨૫-૭ના જલારામ મંદિર પોરબંદર ખાતે, તા.૨૬-૭ ના મહાજન પાંજરાપોળ ભાણવડ ખાતે, તા.૨૭-૭ ના ડી.એલ.એસ જેતપુર ખાતે તથા તા.૨૮-૭ ના શિશુવિહાર ભાવનગર ખાતે મોતિયાના ઓપરેશન માટેની તપાસના કેમ્પ યોજાશે.

આ તમામ સ્થળોએ શિવાનંદ મિશન સૌરાષ્ટ્ર સેન્ટ્રલ હોસ્પિટલ વિરનગરની આંખની હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા વિનામૂલ્યે આંખની તપાસ કરવામાં આવશે તેમજ મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે સંસ્થા દ્વારા વિરનગર ખાતે લઈ જવામાં આવશે. જ્યાં વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન કરવામાં આવશે તેમજ રહેવા જમવા સહિતની તમામ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે.

સૌરાષ્ટ્રમાં કોઈ પણ ગામમાં કોઈ સંસ્થાએ કેમ્પ રાખવા માટે તેમજ વધુ વિગત માટે અશોકભાઈ મહેતા ૯૮૨૪૪૨૫૨૫૬ ઉપર સંપર્ક કરવા શિવાનંદ મિશન વીરનગરની યાદીમાં જણાવાયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

જસદણ શ્રીનાથજી હવેલીના આસોપાલવના હિંડોળા દર્શન

(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧૨

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ જસદણની શ્રીનાથજીની હવેલીમાં હિંડોળા મહોત્સવના દરમિયાન આસોપાલવ અને લીંબું દ્વારા સુંદર સજાવટ કરેલા હિંડોળાના દર્શન યોજાયા હતા. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશીએ ઠાકોરજીને હિંડોળે ઝુલાવ્યા હતા. કિર્તનિયાઓ દ્વારા કીર્તનની રમજટ બોલાવવામાં આવી હતી. દરરોજ સાંજે ૭ થી ૮ દરમિયાન મોટી સંખ્યામાં વૈષ્ણવો હિંડોળો દર્શનનો લાભ લઈ રહ્યા છે તેમ હવેલીના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.

ખેડૂતો માટે ૪૫ કરોડની યોજના અમલી, ફળપાકો માટે આર્થિક સહાય મળશે

આંબા પાકનું વાવેતર કરતા ખેડૂતોને ૧૦૦ રૂપિયા પ્રતિ કલમ સહાય અપાશેઃ જામફળ પાકનું વાવેતર કરતા ખેડૂતોને ૮૦ રૂપિયા પ્રતિ કલમ સહાય મળશે

રાજકોટ.તા.૧૨

દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ધાર કર્યો છે. ગુજરાતના ખેડૂતોની આવકમાં પણ વધારો થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યના ખેડૂતો ખેતીની પરંપરાગત પદ્ધતિ ઉપરાંત વૈજ્ઞાનિક અભિગમ સાથેની આધુનિક પદ્ધતિ અપનાવીને વધુ આવક મેળવી શકે તે માટે તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વધુ એક નવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

બાગાયત ખાતા દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજના અંગે માહિતી આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ફળપાકોના એકમ વિસ્તારમાં મહત્તમ ફળઝાડના વાવેતર થકી ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે છે. રાજ્યના ખેડૂતો ક્રોપ ડાઈવર્સીફીકેશન કરી આંબા અને જામફળ સહિતના ફળપાકમાં ઘનિષ્ઠ ખેતી પદ્ધતિ તેમજ કેળ પાકમાં ટીસ્યુકલ્ચર ટેકનોલોજી અપનાવી પોતાની આવકમાં વધારો કરી કરી શકે છે. રાજ્યના ખેડૂતો બાગાયતી પાકોમાં ફળપાકોનું ગુણવત્તાયુક્ત કલમો અને રોપાથી વાવેતર કરતા થાય તે માટે જ રાજ્ય સરકારે વધુ એક પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના માટે રાજ્ય સરકાર

દ્વારા ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૪૫૦૦ લાખ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે.

મંત્રીએ વધુ વિગતો આપતા ઉમેર્યું હતું કે, આ નવી યોજના હેઠળ ખેડૂતોને આંબા પાકના વાવેતરમાં કલમ દીઠ મહત્તમ રૂ. ૧૦૦ અથવા પ્રતિ કલમ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઇ મહત્તમ રૂ. ૪૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૧૦,૦૦૦ પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, જામફળ પાકમાં કલમ કે ટીસ્યુ રોપા દીઠ મહત્તમ રૂ. ૮૦ અથવા પ્રતિ કલમ/ટીસ્યુ રોપા દીઠ ખરેખર થયેલ ખર્ચ બંનેમાંથી જે ઓછું હોય તેને ધ્યાને લઇ મહત્તમ રૂ. ૪૪,૦૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે. પ્રથમ વર્ષે આંતર પાકમાં અન્ય બાગાયતી પાકના પ્લાન્ટિંગ મટીરીયલના ખર્ચના ૫૦ ટકા લેખે મહત્તમ રૂ. ૬ હજાર પ્રતિ હેકટર સહાય ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં આપવામાં આવશે. આવી જ રીતે કેળપાકમાં પણ ટીસ્યુકલ્ચર રોપા દીઠ મહત્તમ રૂ.૫ સહાય ધ્યાને લઇ મહત્તમ રૂ. ૧૫ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવશે.

મંત્રી પટેલે કહ્યું હતું કે, આ યોજના થકી ગુજરાતમાં આંબા પાકનો વાવેતર વિસ્તાર ૨૫૦૦ હેકટર, જામફળ પાકનો વાવેતર વિસ્તાર ૨૦૦૦ હેકટર તથા કેળ પાકનો વાવેતર વિસ્તાર ૧૫ હજાર હેકટર વિસ્તાર મળી રાજ્યમાં બાગાયતી પાકનો વાવેતર વિસ્તાર કુલ ૧૯,૫૦૦ હેકટર જેટલો વધારવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ લક્ષ્યાંકને પહોંચી વળવા બાગાયત ખાતાની નવી યોજના ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંપૂર્ણપણે પારદર્શિતાના અભિગમ સાથે ફળ પાક ઉત્પાદકતા વધારવા માટેના આ કાર્યક્રમ અંતર્ગત મળવાપાત્ર સહાય DBTના માધ્યમથી સીધા જ ખેડૂતોના ખાતામાં ચૂકવવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

દીકરાના લગ્નને કારણે દેણું થઇ ગયું, હવે તું નોકરી કરવા જા

લગ્નના બે મહિના બાદ જ એમ.એ.નો અભ્યાસ કરનાર પરિણીતાને ત્રાસ

રાજકોટ.તા.૧૨

શહેરના જયપ્રકાશનગર-૨માં છેલ્લા ૧૦ મહિનાથી માવતરે રહેતી સ્વાતિ નામની પરિણીતાએ નાનામવા પાસે કૈલાસ સોસાયટીમાં રહેતા પતિ દિવ્યેશ, સસરા મુકેશભાઇ માધાભાઇ મકવાણા, સાસુ નિર્મળાબેન, દાદીજી હંસાબેન માધાભાઇ મકવાણા સામે ફરિયાદ નોંધાવી છે. એમ.એ. સુધીનો અભ્યાસ કરનાર પરિણીતાની ફરિયાદ મુજબ, તેના લગ્ન દિવ્યેશ સાથે એક વર્ષ પહેલા થયા છે. સંયુક્ત પરિવારમાં રહેતા હોવાને કારણે બે મહિનાના લગ્નજીવન બાદ દાદીજીએ તને ઘરકામ આવડતું નથી તેવી નાની નાની બાબતોએ હેરાન કરવાનું ચાલુ કર્યું હતું અને કહેતા કે, આના કરતા તો મારી દીકરીની દીકરી લાવ્યા હોત તો સારું હોત. આ સમયે સાસુ પણ તારા મા-બાપે કરિયાવરમાં કંઇ આપ્યું નથી, તારી સાથે મારા દીકરાના લગ્ન કરાવ્યા પછી અમારે દેણાં થઇ ગયા છે, તું નોકરીએ ચડી

જા કહી મેણાં મારતા હતા. પોતે ભણેલી હોવાને કારણે નોકરી પણ કરવા લાગી હતી. સવારે બધાની રસોઇ સહિતની કામગીરી કરીને પોતે નોકરીએ જતી હતી. નોકરી કરીને પરત આવું ત્યારે પણ ઘરનું તમામ કામ પણ કરવું પડતું હતું. નોકરી કરવા જવાનું કહેતા સાસુ બાદમાં તને તો ઘરના કામ માટે જ લાવ્યા છીએ કહી પોતાના પર્સમાંથી પૈસા કાઢી લેતા હતા. અને સાસુ પતિને તું તારી પત્નીને બોલાવીશ તો મને ન બોલાવતો તેમ કહી ચડામણી કરતા હતા.

જેને કારણે પતિ પોતાને બોલાવતા નહિ. સસરા પણ તમે વહુ છો, દીકરી નથી ઘરના બધા જેમ કહે તેમ કરવાનું કહી ત્રાસ આપતા હતા. એટલું જ નહિ ઘરના કહે તેમ ન કરવું હોય તો મારા દીકરાને છૂટાછેડા આપી દેવાનું કહેતા હતા. આ વાત પતિને કરતા તેઓ પોતાની સાથે ઝઘડો કરી મારા પરિવારને તું જોઇતી હોય તો જ મારે જરૂર છે નહિતર હું તને છૂટાછેડા આપી દઇશ તેમ કહી ઝઘડો કરતા હતા. આમ લગ્નના બે મહિના બાદ જ પતિ સહિતના સાસરિયાઓએ ત્રાસ આપ્યા બાદ પોતે સાતમ આઠમ કરવા પિયર આવી હતી. ત્યાર બાદ સાસરિયાઓ સમાધાન કરવા તૈયાર ન હોય મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતિ

ખાડાથી ત્રાહિમામ : કમરના દુઃખાવાના દર્દીમાં ૧૫ ટકાનો વધારો

ચોમાસાના પ્રારંભ સાથે ખાડાની મોસમ પણ ખીલીઃ સ્પોન્ડેલાઇસિસના દર્દી પણ વધ્યા : ગુજરાતમાં પાંચ વર્ષમાં ખાડામાં પડવાથી ૪૬૮ વ્યક્તિના મૃત્યુ

અમદાવાદ.તા.૧૨

ગુજરાતમાં ચોમાસામાં વરસાદ બાદ દેડકાં જોવા મળે કે ના મળે પણ રસ્તામાં મસમોટા ખાડા જોવા મળે જ તે સામાન્ય થઇ ગયું છે. બે સપ્તાહ અગાઉ રાજ્યમાં નૈઋત્યના ચોમાસાના આગમન સાથે ખાડાની મોસમનો પણ પ્રારંભ થઇ ગયો છે. રોડ ખાડાને લીધે ઓર્થોપેડિક કમરના દુઃખાવાના દર્દીમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ખાડામાં પડવાથી ૪૬૮ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.

ક્યારે કેટલાના મૃત્યુ

વર્ષ	પુરુષ	મહિલા
૨૦૨૧	૬૬	૦૯
૨૦૨૦	૭૮	૧૦
૨૦૧૯	૭૮	૧૪
૨૦૧૮	૮૦	૦૯
૨૦૧૭	૯૮	૨૪
કુલ	૪૦૦	૬૬

ખાનગી જ નહીં સિવિલ હોસ્પિટલમાં પણ કમરના દુઃખાવા સાથે વધુ સંખ્યામાં દર્દીઓ આવી રહ્યા છે. સોલા સિવિલમાં ગત વર્ષે ચોમાસાના ત્રણ મહિના દરમિયાન ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટમાં ૧૦૧૩૩ કેસ નોંધાયા હતા. ખાનગી હોસ્પિટલમાં પણ છેલ્લા એક મહિનાથી કમરના દુખાવા, સ્પોન્ડેલાઇસિસના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

આ અંગે એક તબીબે જણાવ્યું કે, 'છેલ્લા બે સપ્તાહ જે પણ દર્દીઓ આવે છે તેમાંથી મોટાભાગના કમરના દુખાવાના હોય છે. આ સિવાય ઠોકર લાગવાથી પગમાં મચકોડ, ફ્રેક્ચર દર્દીઓ પણ વધ્યા છે. આપણે ત્યાં દર વર્ષે ખાડાની આ સમસ્યા રહેતી જ હોય છે. જેના કારણે પ્રત્યેક વાહનચાલકે ખાડો આવે ત્યારે વાહનની ગતિ સાવ ધીમી કરી દેવી, લાંબા અંતરનું ડ્રાઇવ કરવાનું થતું હોય અને કમરના દુઃખાવાની સમસ્યા રહેતી હોય તો કમરનો બેલ્ટ પહેરવો જેવી તકેદારી રાખવી જોઇએ.'

અન્ય એક ઓર્થોપેડિકના મતે 'અમારે ત્યાં હાલમાં જે કુલ ઓપીડી આવે છે તેમાં ૩૦% બેક પેઇનને લગતી હોય છે. જોકે, રોડ પરના ખાડાને લીધે જ બેક પેઇનના દર્દીઓ વધ્યા છે તેમ કહી શકાય નહીં. વર્ક ફ્રોમ હોમને લીધે પણ બેક પેઇનની સમસ્યામાં વધારો થયો છે. ૫૦થી વધુ વયનો પુરુષ-૪૫થી વધુ વયની મહિલા કેલ્શિયમની સમસ્યા ધરાવતા હોય તો તેમણે ડોક્ટરોની સલાહ બાદ કેલ્શિયમની ગોળી લેવી જોઇએ.' એનસીઆરબી દ્વારા છેલ્લે ૨૦૨૧માં રજૂ કરવામાં આવેલા અહેવાલ અનુસાર રોડના ખાડાને લીધે ૭૫ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. ૨૦૨૧માં ખાડાને લીધે મૃત્યુ થયા હોય તેમાં રાજસ્થાન ૧૩૮ સાથે મોખરે, મહારાષ્ટ્ર ૯૦ સાથે બીજા, ગુજરાત ત્રીજા, ઝારખંડ ૬૭ સાથે ચોથા અને ઉત્તર પ્રદેશ ૫૭ સાથે પાંચમાં સ્થાને છે.

ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે પ્રેમ સંબધ રાખવા દબાણ કરતા યુવતીનો આત્મહત્યાનો પ્રયાસ

ધરાર પ્રેમી સામે ફરીયાદ કરતા અગાઉ પણ પોલીસે ધરપકડ કરી હતી

રાજકોટ.તા.૧૨

શહેરમાં ગંજીવાડામાં રહેતા ધરાર પ્રેમીના ત્રાસથી કંટાળી જઈ યુવતીએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પીટલમા ખસેડાતા થોરાળા પોલીસે તપાસ કરતા યુવતીને ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે પ્રેમ સંબધ રાખવા દબાણ કરતો હોય જેથી તેને ના પાડતા તે નોકરી પર થી ઘેર આવતી વેળાએ રસ્તામાં આંતરી સંબધ રાખવા ધમકી આપતો હોય જે અંગે પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી જેથી છુટીને આવી તને હેરાન કરીશ તેમ કહેતા તેને આ પગલુ ભરી લીધાનુ જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગંજીવાડામાં રહેતો સંજય માવજીભાઈ રાઠોડ નામનો શખસે પોચેક માસ પહેલા ઈન્સ્ટાગ્રામ મારફતે કોન્ટેકમાં આવેલી યુવતી સાથે પરીચય મેળવી મિત્રતા કરી તેના ફોટા લઈ લીધા હોય જે ફેસબુકમાં અપલોડ કરતા તેના પરીવારે સાયબર ક્રાઈમ પોલીસમાં લેખીત ફરીયાદ કરી હતી જેથી સંજયએ ફોટા ડીલીટ કરી દીધા હતા ત્યાર બાદ યુવતી નોકરી કરતી હોય રસ્તામાં આંતરી ધરાર સંબંધ રાખવા ધમકાવતો હોય ફરીયાદ કરતા થોરાળા પોલીસે તેને પકડી લેતા તેને વધુ હેરાન કરવાની ધમકી આપતા યુવતીએ આપઘાતનો પ્રયાસ કરતા જમાદાર ચેતનભાઈ સહીતના સ્ટાફે વધુ કાર્યવાહી કરી છે.

૨.૫૦ લાખનું ૫૬ ગ્રામ સોનું લીધું ને બદલામાં આપેલ ચેક બાઉન્સ થતા ફરાર આરોપીની ધરપકડ

રાજકોટ.તા.૧૨

રાજકોટ શહેર એસઓજી પોલીસે અમદાવાદના વસ્ત્રાલયમાં સુકુન હાઈટસ નામના એપાર્ટમેન્ટમાં રહેતા સચિન રમેશભાઈ વડનગરા (ઉ.વ.૩૫) તેમજ પ્રિયા હિરેનભાઈ લાઠીગરા (ઉ.વ.૩૩) ની ધરપકડ કરી છે. આ બન્ને સામે વર્ષ ૨૦૨૨માં એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જેમાં સચિને તેના કૌટુંબિક બનેવી અને ગુંદાવાડીમાં અનમોલ ચેમ્બર્સમાં જ્વેલર્સનું કામ કરતા ધવલભાઈ જયેશભાઈ ભુવા પાસેથી ૩૪ ગ્રામ સોનું કે જેની કિંમત ૧.૬૫ લાખ રૂપિયા જેટલી થાય છે તે લીધું હતું. સોનાના બદલામાં સચિને ધવલભાઈને ચેક આપ્યો હતો અને આ લેતી-દેતીમાં વચ્ચે પ્રિયા

લાઠીગરા રહી હતી. જો કે સચિને આપેલો ચેક બાઉન્સ થતા આ મામલે અરજી કરવામાં આવી જે મામલે સમાધાન થયું હતું. જો કે આ સમાધાન થયા બાદ સચિન અને પ્રિયા ફરાર થઈ ગયા હતા.

ધવલ ઉપરાંત સચિન-પ્રિયાએ ગુંદાવાડીમાં સવજીભાઈની શેરીમાં આચાર્ય જ્વેલર્સ નામની દુકાન ધરાવતાં વિજયભાઈ વસંતલાલ વાગડીયા પાસેથી ૨.૫૦ લાખનું ૫૬ ગ્રામ સોનું લીધું હતું જેના બદલામાં પણ ચેક આપ્યા હતા જે પણ રિટર્ન થતાં આખરે આ બન્ને સામે ફરિયાદ નોંધાઈ હતી. જો કે ફરિયાદ નોંધાયા બાદ બન્ને ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેમની શોધખોળ હાથ ધરાઈ હતી. દરમિયાન આજે આ બન્ને રાજકોટ આવ્યા હોવાની બાતમી મળતા જ એસઓજી પોલીસે બન્નેની ધરપકડ કરી બન્નેની સોંપણી એ-ડિવિઝન પોલીસને કરતા હવે એ-ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મકાનમાલિક વિરુધ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

રાજકોટના રામનાથપરામાં આવેલ પીંજારા શેરીમાં રહેતા અમીન ગફાર આંકલાણી (ઉ.વ.૪૬) અને અશરફ અહમદ સોલંકી (ઉ.વ.૪૫) નામના બંને શખ્સોએ પોતાના મકાન પોલીસને જાણ કર્યા વગર પરપ્રાંતીયોને રહેવા માટે ભાડે આપેલ હતા જે બાબતે શહેર એસઓજીની ટીમને જાણ થતા સ્ટાફે બન્ને મકાનમાલિક વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ક્રાઈમ કોર્નર

ધો.૧૨ની છાત્રાને પ્રેમમાં ફસાવી ધો.૧૦ના છાત્રે અપહરણ કરી દુષ્કર્મ

શહેરમાં ગોડલ રોડ પર રહેતી અને કોઠારીયા રોડ પર સ્કુલે જતી ધો.૧૨ની છાત્રાને પ્રેમજાળમાં ફસાવી ધો.૧૦ નો છાત્ર ભગાડી ગયાની તા.૫ના રોજ ભક્તિનગર પોલીસે ગુનો નોંધી બન્નેને પોરબંદરમાંથી પકડી લઈ સગીર આરોપીને બાળ અદાલતમાં રજુ કર્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગોંડલ રોડ પર રહેતો ધો.૧૦ ના વિધાર્થીએ કોઠારીયા રોડ પર થી ધો.૧૨ની છાત્રા ને પ્રમજાળમાં ફસાવી તેને ઉઠાવી જતા પીઆઈ સરવૈયા સહીતએ અપહરણ સહીતનો ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી હતી તે દરમ્યાન માહીતીને આધારે પોલીસે પોરબંદરથી સગીરની અટકાયત કરી સગીરાને મુકત કરાવી તપાસ કરતા બસમાં ગ્રીનલન્ડ ચોકડીથી અમદાવાદ લઈ ગયા બાદ સુરત ત્યાથી અમદાવાદ અને ફ્રારકા થઈ પોરબંદર ગયા હતા ૩૫ હજારની રોકડ હોય તેમજ આઈ ડી પ્રુફ ન હોય કોઈ હોટલમાં રૂમ નહી મળતા તેને સ્લીપર કોચ બસમાં અવાર નવાર દુષ્કર્મ આચર્યુ હોય પોલીસે સગીરાને મેડીકલ કરાવી સગીર સામે દુષ્કર્મ સહીતનો ગુનો નોંધી બાળ અદાલતમાં રજુ કરાયો હતો.

ઘંટેશ્વર પાસે મહિલાનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ શહેરમાં ઘંટેશ્વર પાસેના ૨૫ વારીયામાં રહેતા મંજુબેન નરેશભાઈ મોસપરા (ઉ.૨૯) એ સાંજે પોતાના ઘેર ગળાફાંસો ખાઈ લેતા તેને સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડાતાં તેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજતા ગાંધીગ્રામ પાલીસે આપઘાતનુ કારણ જાણવા કાર્યવાહી કરી છે.

બેકાબુ રિક્ષાએ ઠોકરે લેતા દોઢ વર્ષના બાળકનું મોત

રાજકોટ : શહેરમાં જામનગર રોડ પરના બજરંગ વાડી પાસેના લેબર કોલોનીમા નવી બંધાતી સાઈડ પર ઝુપડામાં રહેતા તોલુ હટીલા નામના શ્રમીકના દોઢ વર્ષનો પુત્ર તેના ઘર પાસે રમતો હતો ત્યારે બેકાબુ રિક્ષાએ ઠોકરે લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર દરમ્યાન મોત નિપજતા ગાંધીગ્રામ પોલીસ મથકના જમાદાર મીહીરસિંહ સહીતના સ્ટાફે અકસ્માત બાદ નાસી જનાર રિક્ષા ચાલક સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

કારખાનામાં ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ શહેરની લાભદીપ સોસાયટીમાં રહેતા અને મહાદેવવાડીમાં જય માતાજી ફેબ્રિકેશન નામે કારખાનું ધરાવતા શૈલેશભાઈ પ્રભુદાસભાઈ દાવડા ઉ.૩૮એ પોતાના કારખાનામાં જ પંખામાં દુપટ્ટો બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈમા મોટા અને અપરણિત હોવાનું જાણવા મળ્યું છે સાજે મિત્રો સાથે ચા-પાણી પીધા બાદ આ પગલુ ભરી લેતા કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

ત્રણ સંતાનોની માતાનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટ શહેરના સતકબીર રોડ ઉપર ધરારનગરમાં રહેતા રૂમીબેન લબાબુ યાદવ ઉ.૨૮ નામની મહિલાએ સવારે રૂમમાં લોખંડની એંગલમાં સાડી બાંધી ફાસો ખાઈ આપઘાત કરી લેતા બી ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં પતિ સવારે સાડા પાચ વાગ્યે ચાર્ડમાં મજુરીએ ગયા બાદ આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે મહિલાના મોતથી ત્રણ સંતાનોએ માતાનું છત્ર ગુમાવ્યું છે.

મહિલા સંચાલિત જુગારધામમાં ૮ ઝડપાયા

રાજકોટઃ શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે એલસીબી ઝોન ૨ની ટીમે પુષ્કરધામ મેઈન રોડ કેવલમ આવાસ ક્વાટરમાં ચાલતા મહિલા સંચાલિત જુગારધામ પર દરોડો પાડી જુગાર રમતા મકાનમાલીક હેતલબેન ગોસાઈ, જલ્પાબેન ગણાત્રા, પાયલબેન જાબુરીયા, શિલ્પાબેન પાધરેશા, વિરમભાઈ વડૂ, તુષારભાઈ ગણાત્રા, કેવીનભાઈ પીપળવા અને કાનાભાઈ ઓડેદરાને ઝડપી લઈ ૨૬.૦૨૦ કબજે કર્યા છે.

શાકભાજી લેવા નિકળેલા માસી ભાણેજ ગુમઃ અપહરણની ફરીયાદ

રાજકોટઃ શહેરના રેલનગર વિસ્તારમાં રેલ્વે ટ્રેક નજીક ઝુપડામાં રહેતા એક મોભીએ તેની ૧૬ વર્ષ ૬ માસ ઉમરવાળી સગીર દીકરી અને તેની પુખ્ત વયની ગણાતી સાળીના અપહરણ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈકાલે હું કામે ગયો હતો ત્યારે પત્નીએ ફોન કરી આપણી દીકરી અને મારી બહેન બંને શાકભાજી લેવા જવાનું કહી બપોરે ૧૧ વાગ્યે નીકળ્યા બાદ ચાર વાગ્યા સુધી પરત આવેલ નથી તેવું કહેતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી પરંતુ ક્યાય પતો લાગ્યો ન હતો જેથી બને માસી ભાણેજને કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી અપહરણ કરીને લઈ ગયા હોય તેવુ જણાવતા પીએસઆઈ પી કે ક્રિન્યન સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

તું પોલીસ કેમ બોલાવે છે કહી મારામારીઃ મોબાઇલની લુંટ

રાજકોટ શહેરમાં કોઠારીયા રોડ પર રામનગરમાં રહેતા અલ્પાબેન હરેશભાઈ જોષી તેના ઘેર હતા ત્યારે તેના ઘરની બાજુમા મકાનમાં તેના પુર્વ પતિ દિવ્યેશ જેરામભાઈ ઠુમ્મર અને તેના મિત્રો એકઠા થઈ. ગાળો બોલતા હોય જેથી તેને પોલીસને જાણ કરી હતી જે બાબતે બીજા દિવસે બપોરે દિવ્યેશ અને તેની બહેન એકતા જોગાણી અને દિવ્યેશની પત્નિ વૃંદા સહીતે તેનો ફોન આંચકી તુ પોલીસ કેમ બોલાવે છે. કહી મારકુટ કરી મોબાઇલની લુંટ ચલાવી નાસી ગયાની ફરીયાદ કરતા આજીડેમ પોલીસ મથકના જમાદાર ધરજીયા સહીતે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

ચા પીવાના બહાને શખ્સ બાઇક લઇ નાસી છુટ્યો

રાજકોટ શહેરના જામનગર રોડ ઉપર રહેતા અને ડ્રાયવીંગ કરતા સુનીલ હસમુખભાઈ ઝીંઝુવાડિયા ઉ.૨૮એ મામા નામના શખ્સ સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ઠગાઈ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૯ તારીખે રેલ્વે ચાર્ડમાં ઘઉંનો ટ્રક ખાલી કરવાનો હોય ત્યા ગયેલ ત્યારે ત્યાં કામ કરતા મામા નામના સિક્યુરીટી ગાર્ડ વરસાદ આવે છે ચા પીવા જવું છે તેમ કહી બાઇક માંગતા મેં આપ્યું હતું તે લઈને ગયા બાદ આજદિન સુધી પરત નહિ આવતા અંતે ફરિયાદ નોંધાવી હતી.

બાઇક લઇ નાશી જનાર શખ્સ ઝડપાયો

રાજકોટ : રાજકોટમાં રહેતા રાજુભાઈ વાલજીભાઈ ફીસડીયાએ વિજય ભીખુભાઈ વ્યાસ નામના શખસ સામે ઠગાઈ અંગે આજી ડેમમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા મકાનનું કામ ચાલુ હોય ત્યાં બે મજુરો લેવા જવાના છે કહી મિત્રનું હું બાઇક ફેરવતો હતો તે લઇને નાસી છૂટ્યો હતો દરમિયાન મિત્રને ભેટો થઇ જતા વિજયને પકડી બાઇક અંગે પુછતા પોતે ગત ૨૯ તારીખે લઇને નીકળી ગયો હોવાનું જણાવતા કંટ્રોલરૂમમાં ફોન કરી ફરિયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી બાઇક કબજે કર્યું હતું.

વેપારી પ્રૌઢનો આપઘાત

શહેરના યુનીવર્સીટી રોડ ઉપર રહેતા કટલેરીના વેપારીએ ધંધો ચાલતો ન હોવાથી કંટાળી ભત્રીજાને આપઘાત કરું છું તેવો મેસેજ કરી બગીચામાં ઝેરી ટીકડી ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ નીલકંઠનગરમાં રહેતા અને કોસ્મેટીક, કટલેરીનો વેપાર કરતા અલ્કેશ્યું ત્રિભોવનદાસ કારિયા ઉ.૫૦ નામના પ્રૌઢએ ગઇકાલે ઘરેથી નીકળી જઈ રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે આવેલ અમૃતેશ્વર બગીચામાં જઈ ચિઠ્ઠીમાં વેપાર ધંધો ચાલતો ન હોવાથી કંટાળીને દવા પી જાવ છું તેવું લખી ભત્રીજાને મોકલી ઝેરી ટીકડી ખાઈ લીધી હતી ભત્રીજાએ તુરંત ફોન કરી પૂછતાં પોતે બગીચામાં અંતિમ પગલું ભરી લીધાનું જણાવતા તુરંત પરિવારજનો દોડી ગયા હતા અને ખાનગી હોસ્પીટલમાં ખસેડ્યા હતા પરંતુ ફરજ પરના અહીં મોત નીપજ્યું હતું બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પી કે ક્રિશ્ચન સહિતનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણ ભાઈ એક બહેનમાં નાના અને સંતાનમાં બે પૂત્ર હોવાનું જાણવા મળ્યું છે અગાઉ પણ બે-ત્રણ ધંધા બદલાવ્યા છતાં સફળતા નહિ મળતા આ પગલું ભર્યું હોવાનુંજાણવા મળ્યું છે.

૫ ફરાર આરોપીની ધરપકડ કરતી એલસીબી

રાજકોટ ગ્રામ્ય ઉપરાંત જૂનાગઢ જિલ્લાના મળી કુલ ૫ જેટલા પ્રોહીબીશનના ગુનામાં ફરાર આરોપીની રાજકોટ ગ્રામ્ય LCB પોલીસે ધરપકડ કરી છે. પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલ આરોપી સાજણ કોડીયાતર જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના જામસુખપુર ગામે હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલ આરોપી રાજકોટ જિલ્લાના બે અને જૂનાગઢ જિલ્લાના ૩ મળી કુલ ૫ પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા છ માસથી નાસ્તો ફરતો હતો જેની ધરપકડ થતા ૬ ગુનાનો ભેદ ઉકેલાયો છે. ઉલ્લેખનીય છે કે આ અગાઉ આરોપી વિરુદ્ધ રાજકોટ ગ્રામ્ય, જૂનાગઢ અને પોરબંદરમાં અલગ અલગ ચાર પ્રોહિબિશનના ગુના નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

સૌરાષ્ટ્ર અને ઉતર ગુજરાતને રાજયસભામાં પ્રતિનિધિત્વ આપતું ભાજપઃ નવા નામોથી આશ્ચર્ય સર્જયુ

રાજયસભા માટે વાંકાનેરના રાજવી કેસરીદેવસિંહ ઝાલા-બાબુભાઈ દેસાઈની પસંદગી

બંને દ્વારા રાજયસભામાં ઉમેદવારીપત્રક ભરાયાઃ હવે કોંગ્રેસ પર નજરઃ જો ઉમેદવાર ઉભા ન રાખે તો ત્રણેય બેઠક પર ભાજપ બિનહરીફ નિશ્ચિત

રાજકોટ,તા.૧૨

આગામી તા.૨૪ના રોજ યોજાનારી રાજયસભાની બે બેઠકો માટે ભાજપે તેના ઉમેદવારો જાહેર કર્યા છે અને આશ્ચર્ય સર્જતા પક્ષે સૌરાષ્ટ્રમાં વાંકાનેરના રાજવી કેસરીસિંહ ઝાલાને રાજયસભાના ઉમેદવાર બનાવ્યા છે જયારે બીજી બેઠક પર કાંકરેજના પુર્વ ધારાસભ્ય બાબુભાઈ જેસંગભાઈ દેસાઈને ઉમેદવાર બનાવતા તેઓ આજે બપોરે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિતના અગ્રણીઓની હાજરીમાં પોતાની ઉમેદવારી નોંધાવી છે.

જો કોંગ્રેસ પક્ષ પોતે ઉમેદવાર ન ઉભા રાખે તો ભાજપ ત્રણેય બેઠક પર બિનહરીફ વિજેતા થશે. લાંબા સસ્પેન્સ પછી ભાજપે આજે તેના બંને ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. અગાઉ સોમવારે વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે એક બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી અને હવે આજે ભાજપના બે ઉમેદવારોની જાહેરાત સાથે જ કોંગ્રેસ શું નિર્ણય કરે છે તેના પર નજર છે. રાજયસભા માટે ભાજપમાં અનેક નામો ચર્ચામાં હતા પરંતુ પક્ષના મોવડીમંડળે ફરી એક વખત જે નામો ચર્ચાતા હતા તેના કરતા અલગથી પસંદગી કરીને તેની આશ્ચર્ય સર્જવાની પરંપરા જાળવી રાખી છે.

માલધારી સમાજમાંથી આવતા બાબુભાઈ દેસાઈ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી કાંકરેજના ધારાસભ્ય રહી ચૂકયા છે અને તેઓ હાલ ગૌ સંવર્ધન સેલ ગુજરાતના કન્વીનર છે અને તેઓ મહેસાણા જીલ્લાના ઉંઝા તાલુકાના મકતુપુરના રહેવાસી છે અને હાલ અમદાવાદ ખાતે રહે છે. એસએસસી સુધી અભ્યાસ કરેલ વાંકાનેરના રાજવી કેસરીદેવસિંહજી ઝાલાની પસંદગી સાથે ભાજપે સૌથી મોટુ આશ્ચર્ય સર્જયું છે. તેમના પિતા સ્વ.ડો. દિગ્વીજયસિંહજી ઝાલાએ દેશના પ્રથમ પર્યાવરણમંત્રી તરીકે કામ કરી ચૂકયા છે અને મુળ કોંગ્રેસ કુળના કેસરીદેવસિંહજી ઝાલા ૨૦૧૧માં તેઓ ભાજપમાં જોડાયા હતા અને

વાંકાનેર ધારાસભા બેઠક કે જે ભાજપ માટે ટફ ગણાતી હતી તે ૨૦૨૨ની ચુંટણીમાં પક્ષને જીતાડીને તેમણે પોતાની રાજકીય ક્ષમતા સાબીત કરી હતી. તેઓએ ભાજપના સંગઠનમાં પણ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ સહિતના પદો પર કાર્ય કરેલ છે અને યુવા ચહેરા તરીકે તેઓએ વાંકાનેર સહિતના પંથકમાં સારી લોકચાહના મેળવી છે.

ગુજરાતમાંથી રાજયસભાની એક બેઠક માટે ભારતીય જનતા પક્ષે વાંકાનેરના રાજવી કેસરીદેવસિંહજીની પસંદગી કરીને આશ્ચર્ય સર્જયુ છે તેમના પિતા સ્વ.ડો.દિગ્વીજયસિંહજી ઝાલા ઈન્દીરા ગાંધીના મંત્રીમંડળમાં ૧૯૮૨ થી૧૯૮૪ સુધી પર્યાવરણ અને નાણા રાજયમંત્રી તરીકે કાર્ય કર્યુ છે અને તેઓ દેશના પ્રથમ પર્યાવરણ મંત્રી બન્યા હતા. તેઓ ૧૯૬૫થી૧૯૭૨ સુધી બે ટર્મ માટે વિધાનસભાના સભ્ય પણ રહી ચૂકયા છે અને ૧૯૮૦થી૧૯૮૯ સુધી તેઓ સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી સાંસદ તરીકે ચુંટાયા હતા.એક તબકકે રાજકોટ સંસદીય મતવિસ્તાર અને બાદમાં સુરેન્દ્રનગર મતવિસ્તારમાં સામેલ વાંકાનેરને બીજી વખત રાજયસભામાં પ્રતિનિધિત્વ મળ્યું છે. હાલમાં જ દિવંગત થયેલા ભારતીય જનતાપક્ષના અગ્રણી શ્રી લલીતભાઈ મહેતા અગાઉ ૧૯૯૫માં એક ટર્મ માટે રાજયસભામાં સભ્ય તરીકે કામગીરી કરી ચૂકયા છે અને હાલમાં જ તા.૮ જુલાઈના તેમનું નિધન થયું હતું. મુળ કોંગ્રેસી પરિવારના કેસરીદેવસિંહજીનું ભાજપમાં આકર્ષણ તે સમયના ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કારણે સર્જાયુ હતું. ૨૦૧૧માં તેઓએ તત્કાલીન મુખ્યમંત્રીને વાંકાનેર રાજમહેલ ખાતે આમંત્રીત કરીને તેઓ ભાજપ સાથે જોડાઈ રહ્યા છે તે નિશ્ચિત કર્યુ હતું અને બાદમાં જીલ્લા ભાજપમાં મહત્વની જવાબદારી પણ વહન કરી છે અને ખાસ કરીને વાંકાનેર ધારાસભા બેઠક કે જે ભાજપ માટે જીતવી ટફ હતી પણ ૨૦૨૨ની ચુંટણીમાં ભાજપે સરળતાથી કોંગ્રેસના સીટીંગ ધારાસભ્યોને પરાજીત કરીને આ બેઠક જીતી તેમાં કેસરીદેવસિંહજીનો મહત્વનો ફાળો હતો.

રાજ્યમાં છુટાછવાયા હળવા વરસાદની આગાહી

અષાઢી માહોલ છવાયોઃચીખલીમાં પોણા ચાર ઈંચ વરસાદ ખાબક્યો, ૪૮ તાલુકામાં છૂટોછવાયો વરસાદ

ગાંધીનગર.તા.૧૨

રાજ્યમાં આજે પણ વરસાદી માહોલ યથાવત્ત છે. આજે સવારના ૬ વાગ્યાથી અત્યારસુધીમાં રાજ્યના ૪૮ તાલુકામાં છૂટોછવાયો વરસાદ વરસ્યો છે. નવસારીના ચીખલીમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો છે. ચીખલીમાં સવારે ૬ વાગ્યાથી અત્યારસુધીમાં પોણા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત ગણદેવીમાં સાડા ત્રણ ઈંચ, ખેરગામમાં અઢી ઈંચ, તાપીના કુકરમુડામાં બે ઈંચ તેમજ નવસારીમાં પોણા બે ઈંચ તેમજ દાહોદના લીમખેડામાં પોણા બે ઈંચ વરસાદ વરસ્યો છે.ગુજરાતમાં મેઘરાજા હવે વિરામ લે તેવી શક્યતા છે. રાજ્યમાં આજે ભારે વરસાદની શક્યતા નહીંવત છે. જો કે, રાજ્યમાં છુટાછવાયા વિસ્તારમાં હળવો વરસાદ વરસી શકે છે.રાજ્યમાં હાલ વરસાદનો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ગુજરાતમાં મેઘરાજા સતત હેત વરસાવી રહ્યા છે. પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાં ધીમી ધારે વરસાદ વરસ્યો હતો.રાજસ્થાન અને ઉપરવાસમાં ભારે વરસાદ પડતાં દાંતીવાડા ડેમ ગઈકાલે ૭૦ ટકા ભરાયો હતો, જેને

લઈને નીચાણવાળા વિસ્તારનાં અનેક ગામડાંને એલર્ટ અપાયું છે. તો આ તરફ બાયડ નગર અને આસપાસના વિસ્તારોમાં ગઈકાલે ભારે વરસાદ પડ્યો હતો. જેથી નીચાણવાળા વિસ્તારોમાં કમરસમાં પાણી ભરાયા હતા. ગઈકાલે સુરતના ઉમરપાડામાં ૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. અરવલ્લી જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. ત્યારે બે દિવસથી બાયડ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેના કારણે બાયડ અને આસપાસના ખેતરો તળાવોમાં ફેરવાયા છે. ત્યારે બાયડ નગરનું ૯૦ વિઘાનું રામનું તળાવ ઓવરફ્લો થયું છે. જ્યારે આસપાસના ગામડાઓનું વરસાદી પાણી પણ નદી નાળા છલકાયા બાદ બાયડના લાખેશ્વરી અને શ્રીનાથજી પાર્ક સોસાયટીમાં આવે છે. જેના કારણે આ બે વિસ્તારોના ૧૦૦થી વધુ મકાનોમાં પાણી ઘૂસી ગયા છે. આ વિસ્તારના રહીશો સ્થળાંતર કરી અન્ય સ્થાને ગયા છે. ત્યારે પાલિકા તંત્ર આ ભરાઈ રહેલા પાણીનો કાયમી નિકાલ કરે એવી ગામ લોકો માગ કરી રહ્યા છે.

સ્ટેટ મોનિટરીંગ સેલના એસપીની રાજકોટ તરફ નજર....

રાજકોટ જીલ્લામાં દારૂ-જુગારના દરોડા પડ્યા ! શું બધા સામે કોસંબા-તાપી જીલ્લા જેવી સજારૂપ બદલીની કાર્યવાહી કરાશે?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય રાજકોટ) રાજકોટ, તા. ૧૨ ગાંધીનગર સ્થિત સ્ટેટ મોનિટરીંગ સેલના એસપી નિર્લિપ્તરાયના રીપોર્ટના આધારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અસામાજિક તત્વો સાથેની પોલીસ તંત્રની મિલીભગત તોડી પાડવા સુરત જીલ્લા અને તાપી જીલ્લામાં જે પોલીસ અધિકારીઓની સજારૂપ સ્થળોએ બદલી કરી તેની સરાહના થઇ રહી છે. પણ વાત અહી અટકતી નથી. પોલીસ તંત્રની આ રાજ્યકક્ષાની પાંખ દ્વારા અનેક વખત રાજકોટ શહેર અને જીલ્લા વિસ્તારોમાં દારૂ, જુગાર અને દેહ વિક્રય જેવી બદી પર દરોડા પાડ્યા છે. ત્યારે આવા સ્થળો કે શહેરોના પોલીસ અધિકારીઓ કે સ્ટાફ સામે આવા સજારૂપ બદલીના પગલાં ભરાશે કે શું ? ઉચ્ચ કક્ષાએથી જયારે પોલીસ તંત્ર આવા બદલી કરવાના કે સસ્પેન્ડ કરવાના પગલાં ચાલુ કરે ત્યારે આ વાતની બેધડક સૌએ પ્રસંશા કરવી પડે. પણ જાગૃત લોકોનું કહેવું છે કે, ગોવાળ એક ગાયને ચરાવા લઈ જાય કે ૫૦ ગાયને, મહેનત, મજુરી અને ફરજ એક સમાન કરવી પડે. તેવી રીતે રાજ્યના એસ.એમ.સી. દ્વારા પણ એક લાકડીએ જ કસુરવારો સામે પગલાં ભરવામાં આવે તે ચર્ચાએ જોર પકડ્યું છે.

સૂકાં ભેગું લીલું ન બળી જાય તે જોવું જરૂરી !

રાજકોટ શહેર અને જીલ્લા વિસ્તારમાં લોક આક્ષેપો મુજબ પોલીસ તંત્રના અધિકારીઓ અને સ્ટાફ અસામાજિક તત્વો એટલે કે દારૂ-જુગારની પ્રવુત્તિઓ ચલાવતા અસામાજીક તત્વો સાથે નજીકનો ઘરોબો ધરાવે છે. આવા પોલીસ અધિકારીઓ કે સ્ટાફ સામે પગલાં ભરવામાં કસુરવારો સાથે નિર્દોષ એટલેકે સૂકાં ભેગું લીલું પણ ન બળી જાય તે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જોવું પડશે. કારણકે જેમ હાથની બધી આંગળી સમાન ન હોય તેમાં પોલીસ તંત્રમાં પણ ઈમાનદાર પોલીસમેન કે અધિકારી હજુ પણ અસામાજિક તત્વો વચ્ચે દુરી રાખીને સમાજને નુકશાન પહોચાડનાર દારૂ-જુગાર જેવી બદીઓથી દુર રહે છે તેવા ઘણા દાખલા છે.

સ્ટેટ મોનિટરીંગ સેલના એસપી રાયની ઘડારૂપ કાર્યવાહી

રાજ્યની ગાંધીનગર સ્થિત સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા સુરત જીલ્લાના કોસંબા પોલીસ સ્થેશનની હદમાં અને તાપી જીલ્લાના વ્યારા ખાતે પાડેલા સફળ દરોડા બાદ પોલીસ તંત્રની આ પાંખના એસપી નિર્લિપ્તરાય ઉકળી ઉઠ્યા હતા. તેઓએ તાત્કાલિક એક આકરો રીપોર્ટ કરતા રાજ્યાના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા અસામાજિક તત્વો સાથે દોસ્તી બનાવીને ફરજ બજાવતા પોલીસ અધિકારી પર ધોંસ બોલાવી છે. આવી કડક કાર્યવાહી, કામગીરીના ભાગરૂપે હાલ સુરત જીલ્લાના કોસંબાના પીઆઈ ગોહિલને આઈબીમાં મુકીને અસામાજિક તત્વો સાથેનો સંપર્ક તોડી નખાયો છે. જયારે તાપી જીલ્લાના વ્યારા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.બી.ઝાલાને સજારૂપ જુનાગઢ પી.ટી.એસ. સેન્ટરમાં મુકીને લોકો કે અસામાજિક તત્વોનો સંપર્ક જ ના થાય તેવી જગ્યાએ મૂકી દીધા છે.

જ્યાં જ્યાં દરોડા પાડ્યા, ત્યાંના પોલીસ અધિકારીઓના મોબાઈલની ડીટેઈલ કઢાવો

ઉચ્ચ પોલીસ તંત્રએ કસુરવાર પોલીસ અધિકારીઓ કે સ્ટાફ સાથે આકરા પગલાં ભરવાનું શરૂ કર્યું છે ત્યારે પોલીસની નાડ પારખું જાગૃત લોકો સલાહ, સુચન આપે છે કે, જો ઉચ્ચ પોલીસ તંત્રના અધિકારીઓએ જો પોલીસ તંત્રમાં સમયાંતરે થઇ રહેલા આર્થિક ગફલા, તોડના પ્રકરણ ફંફોસવા જ હોય તો દરોડા દરમિયાન દારૂ કે જુગારના અસામાજિક તત્વોના સંપર્કમાં આવેલા પોલીસ સ્ટાફ કે અધિકારીઓના મોબાઈલની ત્રણેક મહિનાની ડીટેઈલ કઢાવાય તો કૌન, કિતને, કિસ કે અગલ બગલ મેં ઘૂમતે હૈ ? તે વાત બહાર આવ્યા વગર નહિ રહે !!

મગફળીની આવક ઓછી થતા તેલના ભાવમાં વધારો

શાકભાજી બાદ ખાદ્યતેલના ભાવમાં વધારો, સિંગતેલમાં રૂ. ૪૫ વધ્યા

સિંગતેલના ડબ્બાનો ભાવ ૩૦૦૦થી ૩૦૫૦ સુધી પહોંચ્યો

રાજકોટ.તા.૧૨

એક તરફ આગામી મહિનાઓમાં તહેવારની શરૂઆત થવા જઈ રહી છે ત્યારે વરસાદના કારણે . એક તરફ શાકભાજી અને કઠોળના ભાવમાં વધારો થઇ રહ્યો છે. ત્યાં હવે સિંગતેલના ભાવમાં ફરી એક વખત વધારો થયો છે. માત્ર એક સમાહમાં જ સિંગતેલના ભાવમાં ૭૫ રુપિયા સુધીનો વધારો થયો છે. રાજકોટ સીંગતેલના ભાવમાં ત્રણ દિવસમાં રૂપિયા ૪૫ નો વધારો થયો છે. જેની સાથે જ એક સમાહમાં સિંગતેલના ડબ્બાના ભાવમાં રુપિયા ૭૫નો વધારો થયો છે. સિંગતેલનો ડબ્બો રૂપિયા ૩૦૦૦ થી ૩૦૫૦ સુધી પહોંચ્યો છે. જ્યારે બ્રાન્ડેડ સિંગતેલનો ડબ્બો ૩,૦૫૦ ની સપાટીએ પહોંચ્યો છે.

હાલમાં સતત વરસાદના કારણે ભેજવાળી મગફળી આવતા સીંગતેલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. આ તરફ વેપારીઓ દ્વારા સિંગતેલના ભાવ હજુ પણ વધે તેવી શક્યતા સેવાઈ રહી છે. જ્યારે કપાસિયા તેલના ભાવો સ્થિર રહેશે. ગુજરાતમાં ધોધમાર વરસાદના કારણે શાકભાજીની આવક પણ ઘટી છે. તેથી શાકભાજીના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. સિંગતેલ અને કઠોળના ભાવ વધારા પછી હવે શાકભાજીના ભાવમાં પણ વધારો થયો છે. સામાન્ય રીતે ૩૦-૪૦ રૂપિયે મળતા શાકભાજી અત્યારે ૧૦૦થી વધીને ૩૨૦ રૂપિયા સુધી પહોંચ્યા છે. સાથે જ મોંઘવારીના કારણે ગરીબ અને મધ્યમ વર્ગનું બજેટ ખોરવાયું છે.રાજ્યમાં શાકભાજીના ભાવ ઉપર નજર કરીએ તો કિલોનો ભાવ ૧૦૦ની સપાટીને આરામથી વટાવી ગયો છે. હાલમાં કેપ્સિકમના ભાવ ૧૨૦ રૂપિયા, વાલોર ૧૨૦-૧૩૦ રૂપિયા,ચોળી ૨૦૦ રૂપિયા,ફૂલાવર ૧૨૦, રૂપિયા, મેથીની ભાજી ૨૦૦ રૂપિયા, આદુ ૩૦૦, મરચાં ૧૨૦ રૂપિયા, કોથમર ૧૭૦-૧૮૦ રૂપિયા ભાવે વેચાઈ રહી છે. આ સિવાય કઠોળની વાત કરીએ લાલ અને સફેદ ચોળા ૧૩૦ થી ૨૦૦ રૂપિયા, મગ ૧૨૦, મગની દાળ ૧૪૦, મસૂરની દાળ ૧૨૦, તુવેરની દાળ ૧૭૦, અડદની દાળ ૧૫૦, રાજમા ૧૪૦-૧૬૦, કાબૂલી ચણા ૧૭૦ સુધી પહોંચી ગયાં છે.ગુજરાતમાં પડી રહેલા ભારેથી અતિભારે વરસાદથી શાકભાજીની આવક ઘટાડો અને ભાવ પર માઠી અસર જોવા મળી છે. શહેરમાં શાકભાજી માર્કેટમાં ભાવ આસમાને પહોંચી છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.